ગુજરાતી માઈક્રોફિક્શનનું પહેલું અને એકમાત્ર સામયિક

# સર્જન

વર્ષ ૧, અંક ૫ સંપાદક - રાજુલ ભાનુશાલી જૂન ૨૦૧૭

માઈક્રોસર્જન

પુસ્તક લોકાર્પણ

અહેવાલ

સર્જનની

તરોતાઝા

માઈક્રોફિક્શન..



મેન બુકર ઈન્ટરનેશનલ વિજેતા

લિડીયા ડેવિસ સાથે રસપ્રદ મુલાકાત

અક્ષરનાદ
AksharNaad.com

**एकोहम** बहुस्याम्।

-છાંદોગ્ય ઉપનિષદ (૬.૨.૩)

# સર્જન

અંક ૫ જૂન ૨૦૧૭ વર્ષ ૧

માર્ગદર્શક – નીલમ દોશી

સંપાદક – રાજુલ ભાનુશાલી

સહ સંપાદક – ધવલ સોની, જીજ્ઞેશ કાનાબાર

સંપાદન સહાય – મીરા જોશી

તંત્રી – જીજ્ઞેશ અધ્યારૂ

ગ્રાફિક્સ, સોશિયલ મીડિયા - ધવલ સોની,

હાર્દિક પંડ્યા

'સર્જન' વ્યવસ્થાપકો – સંજય ગુંદલાવકર, મિત્તલ પટેલ

પ્રકાશક – પ્રતિભા ભટ્ટ અધ્યારૂ

પ્રકાશન

અક્ષરનાદ

AksharNaad.com

એ-૪૬, સાંઈનગર સોસાયટી,
ખોડીયાર નગર પાછળ,
ન્યૂ વી આઈ પી રોડ, વડોદરા ૨૨
ફોન - ૯૯૭૪૪ ૧૦૮૬૮
વેબ – http://aksharnaad.com

## વાચકમિત્રો / લેખકમિત્રોને સૂચના:-

- 'સર્જન' માત્ર માઈક્રોફિક્શન વાર્તાસ્વરૂપ માટેનું માસિક ઈ-સામયિક છે એ દર માસ પ્રગટ થશે.
- નવોદિત રચનાકારોને અહીં હાર્દિક આવકાર છે. લેખકમિત્રો અમારા ઈ-મેલ સરનામે કૃતિઓ પ્રકાશનાર્થે મોકલી શકે છે.
- મહત્તમ ૩૦૦ શબ્દમર્યાદામાં કૃતિ મોકલવી, અન્યત્ર પ્રિન્ટ કે ઓનલાઈન પ્રકાશિત કૃતિઓ ન મોકલવી.
- સર્જન સામયિક અને વોટ્સએપ ગૃપ સાથે સંકળાયેલા તમામ સભ્યો સ્વેચ્છાએ માનદ સેવા આપે છે, એ અનુસંધાને પ્રકાશિત કૃતિ માટે પણ પુરસ્કારનું ધોરણ રાખ્યું નથી જેની નોંધ લેવી.
- કૃતિ વર્ડમાં શ્રુતિ ફોન્ટમાં ટાઈપ કરીને મોકલવી, સાથે ઈ-મેલમાં નામ, ફોટો, સંપર્ક સરનામું તથા ફોન નંબર અચૂક લખવા. હાથે લખાયેલી, સ્કેન કરાયેલી વાર્તાઓ પણ સ્વીકારાશે, તેના નિર્ણય, પ્રકાશનમાં વિલંબ થશે. પોસ્ટ કે કૂરીયર દ્વારા રચનાઓ સ્વીકારાતી નથી.
- ઈ-મેલ દ્વારા માઈક્રોફિક્શન વાર્તા sarjanmfc@gmail.com પર સબ્જેક્ટમાં **For Sarjan Micro fiction magazine** લખીને મોકલવી, મહત્તમ પંદર દિવસની મર્યાદામાં આપને કૃતિના સ્વીકાર-અસ્વીકાર વિશેની માહિતી વળતા ઈ-મેલ દ્વારા મળશે.
- સર્જનમાં પ્રસિદ્ધ થતા લખાણની જવાબદારી જે તે લેખકની છે, અહીં પ્રકાશિત રચનાઓ, અભિપ્રાયો સાથે સંપાદક મંડળ સંમત હોય એ જરૂરી નથી.
- માઈક્રોફિક્શનમાં વાક્યરચના, જોડણી વગેરેની ભૂલો ચકાસીને મોકલવી. એ માટે સાર્થ જોડણીકોશ કે નાનો કોશ અથવા ગુજરાતીલેક્સિકોનનું સ્પેલચેકર અથવા વિશાલભાઈ મોણપરાનું સરસ સ્પેલચેકર ઉપયોગમાં લઈ શકાય છે.
- વાચકમિત્રો પોતાના પ્રતિભાવો અમારા ઈ-મેલ સરનામે sarjanmfc@gmail.com મોકલી શકે છે. નોંધપાત્ર પ્રતિભાવો સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

Title page image by Valeria_aksakova Freepik.com

# અર્પણ..



ensō

એ ક્ષણ જ્યારે મન શૂન્ય હોય અને સર્જન કુદરતી રીતે અવતરે..

# માઈક્રોક્રમ


સંપાદકીય – રાજુલ ભાનુશાલી ........ 5

માઈક્રોફિક્શન “ટચુકડું તોફાન” – ગોપાલ ખેતાણી ........ 9

૧. અર્ધસત્યો - ભારતીબેન ગોહિલ ........ 11

૨. ભાઈબંધી - અતુલ ભટ્ટ ........ 11

૩. છેલ્લો દિવસ - પાર્મી દેસાઈ ........ 12

૪. પ્રારબ્ધ - ડૉ. નિલય પંડ્યા ........ 12

૫. હીંચકાના બે સળિયા - સંજય ગુંદલાવકર ........ 13

૬. મારો મિત્ર....હું - આલોક ચટ્ટ ........ 14

૭. માસૂમ ફી - ધવલ સોની ........ 14

૮. માથાબોળ - મીનાક્ષી વખારિયા ........ 15

૯. દેવી - શૈલેષ પરમાર ........ 15

૧૦. વિચાર - જીજ્ઞેશ અધ્યારૂ ........ 16

૧૧. પડછાયો - રેખા સોલંકી ........ 16

૧૨. પરમ આત્મા - સુષમા શેઠ ........ 17

૧૩. પરફેક્ટ ડેટ - લીના વછરાજાની ........ 17

ટૂંકીવાર્તા, લઘુકથા અને માઈક્રોફિક્શન - અજય ઓઝા ........ 19

મેન બુકર ઈન્ટરનેશનલ વિજેતા લિડીયા ડેવીસ સાથે મુલાકાત - જીજ્ઞેશ અધ્યારૂ ........ 21

૧૪. હાશકારો - કિરણ પિયુષ શાહ ........ 24

૧૫. છુટકારો - જાહ્નવી અંતાણી ........ 24

૧૬. ત્રેવડ – હિરલ કોટડીયા ........ 24

૧૭. લાચારી – જલ્પા જૈન ........ 25

૧૮. કોમ્પ્રોમાઇઝ - નિમિષ વોરા ........ 26

૧૯. સભ્યતા – સરલા સુતરિયા ........ 26

૨૦. ગૌ - શીતલ ગઢવી ........ 27

૨૧. તૂઈ - નીવારોઝીન રાજકુમાર ........ 28

૨૨. વેર - અનુજ સોલંકી ....28

૨૩. નવી સવાર -ઝીલ ગઢવી ....29

૨૪. શહીદ - રાજુલ ભાનુશાલી ....30

૨૫. સરનામું - રીતુ મહેતા ....30

૨૬. ગલી ક્રિકેટ - વિભાવન મહેતા ....31

**'સર્જન' સભ્યો દ્વારા અનુવાદિત માઈક્રોફિક્શન વાર્તાઓ** ....32

**સર્જન મેળાવડો અને પુસ્તક વિમોચન અહેવાલ** ....35

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તરફથી શુભેચ્છા સંદેશ. ....41

'સર્જન' પાંચમા અંકની ટીમ ....42




માઈક્રોસર્જન પુસ્તક ખરીદો અહીં ક્લિક કરીને.. http://bookpub.in

# સંપાદકીય – રાજુલ ભાનુશાલી

## માઈક્રોફિક્શન વિશે થોડુંક...

*'એ પોતાના કુટુંબનું પેટ ભરવા દરરોજ ચીમનીમાંથી લાકડા ચોરતો. ધીમે ધીમે એને કોલસાએ દઝાડવાનું બંધ કર્યું. પરંતુ, માંહ્યલાએ નહિ!'*

આ માઈક્રોફિક્શન લગભગ બે એક વર્ષ પહેલા વૉટ્સ એપ પર વાંચેલી. મૂળે અંગ્રેજીમાં લખાયેલી આ ટચુકડી વાર્તા વાંચીને એકદમ સ્તબ્ધ થઈ જવાયેલું. દુર્ભાગ્યવશ લેખકનું નામ ભૂલાઈ ગયું છે પણ આ થોડાક શબ્દોની પાછળ છુપાયેલી એક આખેઆખી નવલકથા જેટલી વ્યથા હજુ આજ સુધી દિલોદિમાગ પર હાવી છે! માઈક્રોફિક્શન લખવી એટલે વીજળીને ચમકારે મોતીડાં પરોવવા જેવું અઘરું કામ. હા, ગુજરાતી સાહિત્ય માટે આ વાર્તા પ્રકાર તદ્દન નવો છે. બહારથી આવેલો છે. આપણા પુરાણોમાં મોટાભાગના બધા જ પ્રકારના સાહિત્ય છે પણ માઈક્રોફિક્શન નથી. પરંતુ એ વાત પણ એટલી જ સાચી કે આપણે ત્યાં ઘણાં વર્ષોથી લઘુકથાને સ્વીકૃતિ મળી ચૂકીછે. આ લઘુકથાને માઈક્રોફિક્શનની માસિયાઈ બહેન ગણી શકાય.

મિત્રો, શું છે આ માઈક્રોફિક્શન? આ પણ વાર્તાનો જ એક પ્રકાર છે. બીજા વાર્તા પ્રકારોમાં જેમ એક શરુઆત, મધ્ય અને અંત હોવા જોઈએ એ પૂર્વશરત છે એ જ શરત માઈક્રોફિક્શનને પણ લાગુ પડે છે. પણ તે છતાં એ સહુથી ખાસ્સો અલગ પડે છે. જો નવલકથાને આખેઆખા સૂરજ સાથે સરખાવીએ તો માઈક્રોફિક્શનને એક સૂર્યકિરણ સાથે સરખાવી શકાય. એક લેખક તરીકે આપણી માટે મહત્વની વાત એ કે સૂરજનું દરેકે દરેક કિરણ એ સુરજ પોતે જ છે વાતને સમજવી. એ સૂરજનું પ્રતિનિધિત્વ કરે છે, એનામાં એ દરેક ગુણધર્મ છે કે જે સૂરજમાં છે. દરેક કિરણ એક આખા સૂરજ જેટલો જ સમૃદ્ધ છે! માઈક્રોફિક્શન પણ એ સૂર્યકિરણની જેમ એટલી સમૃદ્ધ હોવી ઘટે કે એમાં સમગ્ર નવલકથા સમાયેલી હોય. માઈક્રોફિક્શન ઈઝ નોટ પાર્ટ ઓફ અ લાર્જર સ્ટોરી બટ હાર્ટ ઓફ સ્ટોરી.

ગુજરાતી ભાષામાં માઈક્રોફિક્શનને સ્થાપિત કરવા, પ્રચલિત કરવા, લોકભોગ્ય વાર્તા પ્રકાર બનાવવા માટે શ્રી જીજ્ઞેશ અધ્યારૂના નેતૃત્વ હેઠળ 'સર્જન' પરિવારે કમર કસી છે. હાઇકુ, સોનેટ અને ગઝલ જેવા સાહિત્ય પ્રકારો જે એક સમયે 'આયાતી' ગણાતા આજે સાવ પોતીકા બની ગયા છે, ગુજરાતી પ્રજાનો સ્નેહ ખોબલે ખોબલે પામ્યાં છે. અને એ દિવસ હવે દૂર નથી જ્યારે માઈક્રોફિક્શન પણ ગુજરાતી સાહિત્યનું એક મહત્વનું અને અભિન્ન અંગ બની જશે. અને એ વાતમાં બે મત નથી કે ત્યારે 'સર્જન'નું નામ માનભેર અને યોગદાનની નોંધ ગર્વભેર લેવાશે.

અત્યારે જ્યારે માઈક્રોફિક્શન ગુજરાતી સાહિત્યમાં ધીમે ધીમે પોતાનું સ્થાન જમાવી રહી છે ત્યારે ગુજરાતીની બીજી ભગિની ભાષાઓમાં માઈક્રોફિક્શન ક્યાં છે? છે કે નહી? બીજા સાહિત્યપ્રકારો સફળતાપૂર્વક ખેડતા સર્જકોને આ પ્રકારમાં રસ પડે છે કે નહિ? પડે છે તો કેટલો? સર્જને એ જાણવાનો પ્રયત્ન કર્યો.



આ નિમિત્તે અમે સંપર્ક સાધ્યો ઉર્દૂ સાહિત્યકાર જનાબ સલામ બીન રઝાક સાહેબનો. સલામભાઈ ઉર્દૂ ભાષાના લોકપ્રિય વાર્તાકાર છે. ઉર્દૂ ભાષામાં એમના બે સંગ્રહો પ્રગટ થયા છે.*૧) નંગી દોપહરકા સિપાહી. અને ૨) મોઆબ્દીલ.*

આ રહ્યા એમની સાથે થયેલ સંવાદના અંશો.

રાજુલઃ ઉર્દૂ ભાષામાં વાર્તાનો આ પ્રકાર કેટલો જૂનો છે?

સલામભાઈઃ જ્યાં સુધી સંજ્ઞાનો સવાલ છે એ યુરોપની દેન છે, પરંતુ ઉર્દૂમાં અફસાન્ચાના નામથી આ પ્રકાર પહેલેથી પ્રચલિત છે. એમ તો થોડુંક પાછળ જઈએ તો ઇસપની લઘુકથાઓમાં પણ ક્યાંક ક્યાંક માઈક્રોફિક્શનની છાંટ દેખાઈ જાય છે. ઉર્દૂમાં સઆદત હસન મન્ટોએ આ વાર્તા પ્રકારને સફળતાપૂર્વક ખેડીને ઉર્દૂ-હિંદી સાહિત્યમાં નોંધનીય બનાવ્યું. એ વાર્તાઓ મુખ્યત્વે ભાગલાના સમયે થયેલા સાંપ્રદાયિક દંગાના પરિવેશમાં લખાયેલી છે. ત્યાર બાદ તો આ પ્રકારને જોગીન્દ્ર પૌલ, રતન સીંઘ જેવા લેખકોએ આગળ વધાર્યો અને હવે તો લખવા બેસીએ તો એક લાંબી સુચી મળી રહે એમ છે.

રાજુલઃ નોર્મલ વાર્તા પ્રકારના પ્રમાણમાં આ પ્રકાર ખૂબ ઓછો ખેડાયો છે અથવા ખેડાય છે... લેખકોની આ ઉદાસીનતાનું કારણ શું હોઈ શકે?

સલામભાઈઃ માઈક્રોફિક્શન આ તેજ રફ્તારવાળા જમાનાની પેદાશ છે. મશીની જમાનામાં માણસ પણ મશીની સ્વભાવનો બની રહ્યો છે. એને બધુંજ ઝટપટ અને ઇન્સ્ટન્ટ સ્વરૂપમાં જોઈએ છે. એની પાસે કાં તો સમય જ હોતો નથી અને કાં તો એ આપવા માંગતો નથી! માઈક્રોફિક્શન ચાલતાફરતાં, બસમાં, ટ્રેનમાં, એક સીગારેટ પીતાં પીતાં કે પછી કટિંગ પીતાંપીતાં પણ વાંચી શકાય છે. એટલે આજકાલ પ્રચલિત થઈ રહ્યો છે. ઘણાખરાં, ખાસ કરીને જૂના લેખકોને આ ટચુકડો પ્રકાર જેમાં સંવેદનાનું સટીક સ્વરૂપ આલેખવું પડે છે બહુ આકર્ષક લાગતો નથી. કદાચ એટલે જ એના તરફ ઉદાસીન વલણ અપનાવાય છે. આજે સોશિયલ મિડીયાના પ્રતાપે માઈક્રોફિક્શનન નામ પર ટુચકા લખવાવાળા 'વાર્તાકારો' તો બીલાડીના ટોપની જેમ ઉગી નીકળ્યા છે. પરંતુ એ વાત તો દિવા જેવી સ્પષ્ટ છે કે સારું ફિક્શન લખી શકતો વાર્તાકાર જ સારી માઈક્રોફિક્શન લખી શકશે.

રાજુલઃ આપે આજ સુધી કેટલી માઈક્રોફિક્શન લખી છે?

સલામભાઈઃ મેં આજ સુધી માઈક્રોફિક્શન સંજ્ઞા હેઠળ કોઈ વાર્તા લખી નથી, એમ વિચાર્યું નથી કે હું માઈક્રોફિક્શન લખી રહ્યો છું. પણ અલબત્ત મેં કેટલીક 'લઘુકથા'ઓ લખી છે કે જે માઇક્રોફિશનના ચોખઠામાં ફીટ બેસી જાય છે. આ તબક્કે સલામભાઈએ પોતાની એક વાર્તા સંભળાવી. જેને એમણે લઘુકથાનો પ્રકાર ગણાવ્યો પણ માઈક્રોફિક્શનની પ્રચલિત વ્યાખ્યા પ્રમાણે આપણે એને માઈક્રોફિક્શન માનવી જ પડે. વાર્તા જોઈએ.

*વોહ ખાના ખા રહા થા. ઉસકે સામને કેલે કે પત્તલમેં ભાત થા. સિર્ફ ભાત.*

*મૈંને પૂછા,"તુમ રોઝાના યહી ખાના ખાતે હો?"*

*ઉસને જવાબ દીયા,"હાં."*

*મૈને પૂછા,"મગર તુમ સિર્ફ રૂખા ભાત ખાકર દિનભર રીક્ષા કૈસે ખીંચ લેતે હો?"*

*ઉસને ઉત્તર દીયા,"મૈં કહાં ખીંચતા હું! રિક્ષા તો ભૂખ ખીંચતી હૈ!"*

એમણે કહ્યું કે *'કહાની પૂર્ણ હોને કે બાદ કુછ દેર કે લિયે મૈં પથ્થર હો ગયા થા! માઈક્રોફિક્શન ઐસી હો કે ઉસે પઢને કે બાદ કુછ દેર તક પઢનેવાલા સોચને પર મજબૂર હો જાયે!'*

કેટલી સાચી વાત! આગળ એમણે કહ્યું કે આવી અમુક વાર્તાઓ લખ્યા પછી સમજ નથી પડી કે આ આવ્યું કેવી રીતે? *'કહાની મૈને નહીં લીખી, કહાનીને અપનેઆપ ખુદકો લીખવા લિયા...'*

વાર્તા માત્ર લખવા ખાતર ક્યારેય ન લખવી. પોતાને લેખક સાબિત કરવા પણ ક્યારેય ન લખવી. અને લખવાનો 'શોખ' છે એ બહાના હેઠળ તો ક્યારેય ન લખવી.છેલ્લે એમણે દરેક લેખકને યાદ રાખવા જેવી વાત કહી જે એમના જ શબ્દોમાં ટાંકુ છું.*"જબ તક દિલસે નહી લીખી જાતી 'કહાની' લીખી હી નહિ જાયેગી. જો અચ્છી કહાની લીખ પાયેગા, વહી અચ્છી માઈક્રોફિક્શન ભી લીખ પાયેગા."*



આવો જ એક સંવાદ દિલ્હીના વ્યવસાયે પત્રકાર અને કવિ શ્રી લોકમિત્ર ગૌતમ સાથે થયો. લોકમિત્રજી મૂળે કવિ જીવ. લખે માત્ર કવિતા એમાંય અછાંદસ અને લઘુકવ્યો વધુ. પણ વાર્તા વાંચવાના ગઝબના શોખીન. માઈક્રોફિક્શન એમને ગમતો પ્રકાર એટલે એમને આ વિશે સંવાદ સાધવો ગમ્યો. એમના પ્રકાશિત કાવ્ય સંગ્રહનું નામ છે *'મૈં અપને સાથ બહુત કુછ લેકર જાઉંગા...'*

રાજુલઃ લઘુકાવ્ય અને માઈક્રોફિક્શન વચ્ચે તમે શું સમાનતાઓ જુઓ છો?

લોકમિત્રજીઃ બન્ને વચ્ચે ઘણી સમાનતા છે. કારણ બન્ને ખૂબ જ ઓછા શબ્દોમાં પોતાની વાત કહેવા માટે કથાત્મક પ્રતિકોનો આશરો લે છે. એક લઘુકાવ્ય ત્યારે જ પ્રભાવશાળી બને છે જ્યારે એને વાંચ્યા પછી તમારા મનમાં એનો પ્રભાવ એક આખી વાર્તાના સ્વરૂપમાં આકાર લે.

રાજુલઃ નોર્મલના મુકાબલે આ પ્રકાર ઓછો કેમ ખેડાય છે? આ ઉદાસીનતાનું કારણ?

લોકમિત્રજીઃ ઓછો? મને તો એવું બીલકુલ નથી લાગતું. મને તો લાગે છે કે આજની તારીખે આ પ્રકાર બહુ લોકપ્રિય થઈ રહ્યો છે. આજની જીવન શૈલીના હિસાબે લઘુ વધુ ફાયદેમંદ સાબિત થઈ રહ્યો છે કારણકે લોકોના

જીવનમાં રફ્તાર ખૂબ છે. આજના સમયમાં લોકો પાસે કામ વધુ અને સમય ઓછો હોય છે. જ્યારે થોડાક વર્ષો અગાઉ એવું નહોતું. સમય પસાર કરવા પુસ્તકો વંચાતા. લોકો માટે રિલેક્સ થવાનો, **મનોરંજનનો** એકમાત્ર ઉપાય વાંચન હતું. ત્યારે લઘુ માટે અનુકુળ માહૌલ નહોતો, જ્યારે આજે બૃહદ્ માટે નથી! માઇક્રોફિશનનું ભવિષ્ય ઉજ્જવળ છે!

કવિ લોકમિત્ર ગૌતમનું એક લઘુકાવ્ય શેર કરું છું. મને તો આ કાવ્યમાં માઈક્રોફિક્શનની છાંટ દેખાઈ. તમને શું લાગે છે?

**हुकूमत का भूगोल**

सिपहसालारों की चापलूसी में वे भूल गए
अपनी ही हुकूमत का भूगोल
ताकत के नशे में उन्हें याद नहीं रहीं
अपने ही निजाम की सरहदें
वे भूल गए कि ताजीरात हिन्द की धाराएं
उछलती मचलती समुद्री लहरों में लागू नहीं होतीं
वे भूल गए ज्वार-भाटा रोकने के लिए हुकूमत
धारा १४४ नहीं लगा सकती

- લોકમિત્ર ગૌતમ

જો આમાં નજીવો ફેરફાર કરાય તો એને માઈક્રોફિક્શનમાં ન ઢાળી શકાય?

તા.ક.

એક મિત્ર માઈક્રોફિક્શનને 'માઈક્રોફિક્શન' ન કહેતા કાયમ 'ચુસ્કી કથા' કહે. કટિંગ ચાય પૂરી થાય એ પહેલા વંચાઈ જતી કથા એટલે ચુસ્કી કથા! અને એકવાર નેટ પર ફરતાં ક્યાંક કોઈ એક જગ્યાએ માઈક્રોફિક્શન માટે 'લઘુલિકા' શબ્દ વાંચેલો. આ બે શબ્દ મને તો ખૂબ ગમ્યા. બની શકે કે ભવિષ્યમાં ગુજરાતી માઈક્રોફિક્શન આવી જ કોઈ સંજ્ઞા દ્વારા ઓળખાતી થઈ જાય!

**~ રાજુલ ભાનુશાલી (સર્જન ટીમ વતી)**

# માઈક્રોફિક્શન "ટચુકડું તોફાન" – ગોપાલ ખેતાણી

સડસડાટ દોડતી જિંદગીને પણ ક્યારેક એક નાનકડો બ્રેક જોઈએ. સામાન્ય રીતે આવા બ્રેકમાં આપણને કશુંક એવું મેળવવાની મથામણ રહેતી હોય જેનાથી મન અને દિમાગને તેમનો જોઈતો ખોરાક મળી રહે અને તેથી જ આજકાલ આ 'મનોદિમાગ'ને બ્રેક-ફાસ્ટમાં આપી શકાય એવી એક નવી વાનગી અસ્તિત્વમાં આવી છે જેનું નામ છે માઈક્રોફિક્શન. બે-ચાર મિનિટના ટૂંકા સમયગાળામાં ગમે ત્યાં ઉભા રહીને, ઝટપટ આરોગાઈ જતી આ વાનગી છે છ શબ્દોથી સાતસો પચાસ શબ્દો સુધી માઈક્રોફિક્શન વાર્તાઓ. આ માઈક્રોફિક્શન વાર્તાઓ પોતાની 'અવનવી ડિશિઝ'નો આસ્વાદ તેમનાં રસિકજનોને કરાવે છે.

*સ્ટ્રાઈડર તેની કોન્વેન્ટ શાળાના બીજા ખીલ ધરાવતા, દાંતોને સરખા કરવાવાળી રિંગ પહેરેલા અને ઓછી ઉંચાઈવાળા છોકરાંઓ કરતાં ઉંચો, સ્નાયુબદ્ધ અને સોહામણો હતો; તેણે આ ઉનાળે અધિકાર જમાવ્યો સુઝાનના હ્રદય પર, તે રાતે તેના શરીર પર અને વર્ષો સુધી તેના મન પર..*
*~ માર્ટિન ડોડ*

શું વિચારે ચડ્યા? મનમાં કોઈ ફિલ્મ ચાલી? કે કોઈ ઘટના યાદ આવી? જો આવું અનુભવ્યું હોય તો સાહેબ આ છે માઈક્રોફિકશનનો કમાલ! ફક્ત ચાલીસ શબ્દોમાં અહીં લેખકે નાયિકાના નાયક પ્રત્યેની વર્ષોની લાગણી, નાયક પ્રત્યેનું તરુણ વયનું શારીરિક આકર્ષણ સહેજે શબ્દસ્થ કર્યું. એક વાર્તા તો કહી જ, ઉપરાંત વાર્તાના છેડા પણ ખુલ્લા રાખ્યા જેથી વાચક વાર્તાને આગળ ધપાવી શકે.

*નવવધૂએ*
*દીપ હોલવ્યો, રાત*
*રૂપની વેલ.*

ઓહો! તમે તો બોલી ઉઠ્યાં કે આ તો સ્નેહરશ્મિનું હાઈકુ! વાહ ક્યા બાત! હાઈકુઓ તમને જેમ પદ્યમોજ કરાવે છે તેવી જ રીતે માઈક્રોફિક્શન તમને ગદ્યમોજ કરાવે છે. માઈક્રોફિકશન ઘટના નથી, વ્યંગ નથી કે ટુચકાં નથી. માઈક્રોફિક્શન એ શોર્ટ ફિલ્મ છે. તે એટલી જ અસરકારક, લાગણીથી તરબતર અને તમને ડરાવનાર કે હસાવનાર હોય છે જેટલી ટુંકી વાર્તા અને નવલિકા. જેમ શોર્ટમુવીઝ બે-ત્રણ મિનિટ્સથી લઈને વીસ-ત્રીસ મિનિટ્સ અવધીની હોય તેવું જ માઈક્રોફિક્શન વાર્તાઓમાં પણ જોવા મળે. રચયિતા તમને શબ્દબુંદોમાં તેમની ઈચ્છા અનુસાર પલાળે. કોઈ છ શબ્દોમાં તમને રેલમછેલ કરાવે તો કોઈ બસ્સો શબ્દોથી ભીંજવી દે!

*'તેણે પેલી પર ગુલાબની પાંદડીઓ વરસાવી પણ એ ન પૂછ્યું કદીય કે પેલીને ક્યા ફૂલ પસંદ છે!'*
*- આર. ગેટવુડ*

જુઓ આ એક વાક્યનો કમાલ! ફક્ત સત્તર શબ્દોમાં તમારા મનમાં એક આખી વાર્તા ગૂંથાઈ ગઈને! અહીં નાયક આધિપત્ય જમાવનાર હોઈ શકે, નાયિકા ગભરું હોઈ શકે અથવા તો એકતરફી પ્રેમ બની શકે. બની શકે કે પ્રણય ત્રિકોણ પણ હોય. કેટકેટલી સંભાવનાઓ આ માઈકોફિકશન જન્માવે છે!

*'કામ પર જતાં આજે હું શ્રીમાન સ્મિથને યાદ કરી રહ્યો હતો, મારા વિજ્ઞાન શિક્ષક, કે જેમણે મને નાપાસ કર્યો હતોં કારણકે હું તેમની દીકરીને પ્રેમ કરી રહ્યો હતો. એ નાપાસ થવાને કારણે હું એમઆઇટીના જઈ શક્યો. પણ આખરે મેં વિજ્ઞાનની ડિગ્રી પ્રાપ્ત કરી, ત્રણ અલગ યુનિવર્સીટીઓમાંથી. જેમાંથી એક પણ એમ.આઇ.ટીની નહોતી.*
*હવે હું એક સ્ટ્રક્ચરલ ઇજનેર છું અને નિરિક્ષણ કરું છું સેફ્ટી ક્રેશ ટેસ્ટ્નો કે જેમાં દરેક જાતના મોડેલને ગીલોલ વડે કોંક્રીટ દિવાલ પર અથડાવવામાં આવે છે. આ તૂટી ગયેલ વાહનોમાં સમાવિષ્ટ હોય છે કિંમતી નકલી પુતળાઓ અને ચારથી છ માનવ મૃતદેહો!*
*અકસ્માતે, આજે શ્રીમાન સ્મિથનો દેહ એસયુવીના પૈડાની પાછળ બાંધેલો હતો.*
*- જોહાન્ન લક્સ*

કેવી અફલાતૂન છે આ નવ્વાણું શબ્દોની માઈક્રોફિકશન! શું નાયકે શ્રીમાન સ્મિથને અવ્વલ મંઝિલ પર પહોંચાડ્યા હશે? પહોંચાડ્યા હશેતો કેમ? પ્રેમિકાને પામવા માટે કે બદલો લેવા માટે? કે ખરેખર આ એક અકસ્માત જ હશે? શું નાયક ખુશ થયો હશે તેના શિક્ષકને સેફ્ટી ટેસ્ટ માટે બંધાયેલા જોઈને? માનવ મનના વિચારોને રજુ કરતી આ અદ્દભુત માઈક્રોફિકશન છે. માઈક્રોફિક્શનને એટલે જ તો હું ટચુકડું તોફાન કહું છું. થોડા શબ્દો સાથે એ તમારા દિલોદિમાગ પર છવાઈ જાય અને વિચાર વંટોળ ઉત્પન્ન કરી ચાલ્યું જાય! એ વંટોળની અસર કેટલાક ક્લાકોથી માંડીને દિવસો સુધી રહે.

ગુજરાતી ભાષામાં ડો. હાર્દિકભાઈ યાજ્ઞિક અને શ્રી જીજ્ઞેશભાઈ અધ્યારુએ માઈક્રોફિક્શનને લોકપ્રિય બનાવવા માટે અથાગ પ્રયત્નો કર્યાં છે. તેમના આ શબ્દયજ્ઞમાં સાહિત્યજગતના અન્ય દિગ્ગજોએ પણ ઘણો સહકાર આપ્યો છે. માઈક્રોફિક્શનને ઘણાં મિત્રો પ્રસિદ્ધી મેળવવાનો ટૂંકો માર્ગ જણાવે છે તો કેટલાક માઈક્રોફિક્શન રચયિતાને સાહિત્યકારમાં ખપાવવા આડા રસ્તે જનાર એવું કહે છે. માઈક્રોફિક્શન રચયિતાઓ આ ટીકાઓને સકારાત્મક રીતે લઈ તેને લોકપ્રિય બનાવવા મહેનત કરી છે અને સફળ થયાં છે તેનો પુરાવો અમદાવાદ પુસ્તક મેળામાં સૌ મિત્રોએ નજરે નિહાળ્યો. ગુજરાતી સાહિત્ય જગતમાં માઈક્રોફિક્શન નાનું બાળક છે કે જેણે પા- પા પગલી ભરવાનું શરૂ કરી દીધું છે. થોડા સમયમાં તે દોડવા લાગશે એ નક્કી જ છે. અંતમાં એટલું જ જણાવીશ કે તમે પણ આ માઈક્રોફિક્શનના ટચુકડાં તોફાન અનુભવો. તમારા નિખાલસ અભિપ્રાય આપો જેથી રચનાકારોનો ઉત્સાહ જળવાઈ રહે અને ગુણવત્તાસભર સર્જન કરી શકે. જય સર્જન!

- ગોપાલ ખેતાણી (સર્જન ટીમ વતી)

## ૧. અર્ધસત્યો - ભારતીબેન ગોહિલ

હોસ્પિટલની બહાર ઊભેલું કૂતરુ જોરથી રડ્યું. ક્વાટર્સમાં રહેતા ડૉક્ટરની દીકરી હેલી દોડીને તેની માને વળગી પડી. "મમ્મી, પેલી જપુ કેતી'તી કૂતરું રડે તો...." "એવું ના હોય બેટા..." માએ સાંત્વના તો આપી પણ તોય હેલીનું હૈયું ધબક ધબક થઈ રહ્યું હતું.

એજ સમયે પત્નીને લેબરરૂમમાં લઈ ગયા ને સંજુ એકલો પડ્યો. એક નાનકડા જીવના આગમનની તૈયારી સાથે આવેલ સંજુને કૂતરાનું રડવું કઠ્યું. તેને કૂતરાને ભગાડવા જવાનો વિચાર આવ્યો.

બીજી તરફ સ્પેશિયલ રૂમમાં ત્રણ ત્રણ ખૂનનો આરોપી ચત્તોપાટ થઈને સૂતો હતો. ધીમાધીમા શ્વાસ ચાલુ હતા. કમને પોતાની ફરજ નીભાવનાર જમાદારને કૂતરાનું રડવું ગમ્યું. ઊંડે ઊંડે છૂટકારાની આશા જન્મી!

કોઈકે દરવાજો ખોલ્યો ને એ સાથે જ સલવાયેલી પૂંછડી નીકળી જતાં મૂક્ત થયેલ કૂતરું આગળ ભાગ્યું ને પાછળ રહી ગયાં કેટલાંય અર્ધસત્યો!

## ૨. ભાઈબંધી - અતુલ ભટ્ટ

તેની માંજરી આંખોમાં તોફાની ચટાપટા ચકળવકળ થતાં હતાં. આગળના બે પગ દબાવી લાલિયાની લીસી પીઠ પર કુદીને હુમલો કરવાને તે તૈયાર બેઠી હતી, ને લાલિયો બિચારો ગરમીથી ત્રસ્ત હાંફતો આકળવિકળ હાલતમાં ભીંજાયેલા શણનાં ટાટિયા પર તેનાં શરીરને અમળાવતો ઉંઘવાની વ્યર્થ કોશિષ કરતો હતો.

મંગુ ડોશીનાં તૂટેલા ઘરનાં આ બે જ વારસદારો...!

ડોશી રોજ પોતાના ઓટલાનાં ખૂણે પથ્થરિયામાં રોટલો ચોળીને થોડું પાણી નાંખે એટલે બેય ચપચપ ઝાપટી જાય. લાલિયો આળસુ તે લાંબી તાણે ને માંજરી કૂદીને ઝાડ નીચે બખોલમાં ભરાઈ જાય. કલબલ કરતાં લેલા અને કાબરને લાગ આવે તો ઝપટ મારીને ઝડપી લે, ને ફફડાટને જડબામાં દબાવી દોડતી દૂર ભરાઈ જાય. ક્યારેક અધકચરું પારેવું બાકી રાખીને દૂર સરકી જાય, ને લાલિયો આળસ છોડીને માંજરીનુ વધેલું ઝાપટીને ટાઢક કરે.

બન્નેને બાળપણથી મંગુ ડોશીએ સાથે જ ઉછેરેલા... તે બેય રેઢા ય ન પડે. એકબીજાની નજરમાં જ રહે.

પણ ત્રણ દિવસથી ફળિયું ઉદાસ છે. રાત આખી ભસીને સોમાકાકાના ગાડાની નીચે સૂતેલો લાલિયો ઉભો જ ન થયો. સોમાકાકાએ બળદને જોડવા ગાડું સ્હેજ ધક્કે દઈ પાછું કર્યું તે લાલિયાના પેટ પર પૈડું ફરી વળ્યું.

મંગુડોશીના પથ્થરિયામાં ત્રણ દિવસથી રોટલા સૂકાઈ ગયા છે.... પારેવાય નીચે ચણ ચણવા ઉતરે છે અને ચણીને ઉડી જાય છે. માંજરીની આંખમાં શોકનો કાળો પટ્ટો સાફ વર્તાય છે. મંગુડોશી રોજ સાંજે તુલસીક્યારે દીવો કરે છે. હજીય રાત્રે લાલિયો ભસે છે, દૂર ડાઘિયો ટાંપીને બેઠો છે અને મંગુડોશી રાત આખી જાગે છે.

## ૩. છેલ્લો દિવસ - પાર્મી દેસાઈ

"આ અમાસના અંધકારમાંય તું તો મારી ચાંદની પ્રિયા... ચાલ આજે એકમેકના સથવારે ત્રણેય લોકનો વિહાર કરીએ."

"નહીં વ્હાલા.... હવે આપણે છૂટા પડ્યે જ છૂટકો. મારા પપ્પા ગમે ત્યારે આવી ચડશે."

"અરે! ક્યાંથી આવે....એ તો છેક...."

"તું નથી જાણતો. મને બાતમી મળી છે કે મન્થ એન્ડનો ટાર્ગેટ પૂરો કરવાનો છે અને એમાંય આજે તો છેલ્લો દિવસ!"

"તો..."

"તો... તું જલ્દી જા. પપ્પાને આવવાની તૈયારી... વેન્ટીલેટર પર તો આવી પણ ગયા."

## ૪. પ્રારબ્ધ - ડૉ. નિલય પંડ્યા

"અરે અરે ભાઈ... શું કરો છો? આ તમારો પગ..." ચીસો પાડતી, પાછળથી ધસી આવેલી નર્સે મોહિતને એક જ ધક્કામાં હડસેલી દીધો.

છેલ્લા છ દિવસથી વેન્ટીલેટરનાં સહારે જીવી રહેલી માનો એક અંતિમ સ્પર્શ અનુભવવા હૉસ્પિટલમાં આવેલા મોહિતને નર્સ ખસેડે એ પહેલા તો મોડું થઈ ચૂક્યું હતું! હા, પોતાની જ માની ઑક્સિજન ટ્યુબ પર દીકરાનો અજાણે જ પગ આવી ગયો હતો અને નર્સ કંઈ કરી શકે એ પહેલાં તો...

અંતિમ સંસ્કાર વખતે મોહિત ખુશ હતો. ભલે મૃત હોય, પણ વીસ વર્ષે આ જન્માંધ દીકરો છેવટે પોતાની માનો ચહેરો તો જોઈ શક્યો. દીકરાનાં ચહેરા પર લાગેલી માની આંખો હર્ષથી છલકાઈ ગઈ!

## ૫. હીંચકાના બે સળિયા - સંજય ગુંદલાવકર

ભરબપોરે તડકાના તાપમાં બંને આવે, રમતો રમે, ધમાચકડી મચાવે. એમને જોઈ જોઈને હુંય રોમાંચિત થઈ જાઉં. મારા સળિયા ઝણ-ઝણી ઉઠતા. થતું કે 'હઈઈશા હુઈશ...' એમને ઝૂલાવ્યા જ કરું...

કેવું કાલુંઘેલું ને મીઠું મધુરું બેય બોલતાં... મને એમ કે બેય જોડીયા બહેનો હશે. પણ ના... નયનાએ લાવેલી ગોળપાપડી ખાધી આથી જયનાને એની મા મારી મારીને તાણી ગઈ હતી ત્યારે ખબર પડી કે પડોશીઓ છે.

એક દિવસે, જયના મારા પાટિયા પરથી સરકી પડી હતી, ત્યારે નયનાએ ભેંકડો તાણ્યો હતો. જયનાના પિતાએ દોડતાં આવીને નયનાને કેમ શાંત પાડી?

ખેર... એમની નિખાલસ દોસ્તી જોઈને મારી આંખોમાં ટાઢક વળતી.

ઓહ... મારું અનુમાન સાચું ઠર્યું. બેયના કટ્ટર વિરોધી પરિવારમાં માત્ર આ બેયનું જ બનતું.

હજીય... ભરબપોરે સંસારના તાપમાં સમયને અવગણીને બંને આવી વાતો કરે, આંસુડાઓ સારે. એમને જોઈ જોઈને હુંય ગદગદ થઈ જાઉં. મારા સળિયા ઝણ-ઝણી ઉઠે. થતું કે 'એક વાર તો જયનાના પિતાને મળીને પૂછું કે નયનાને ન્યાય ક્યારે મળશે?' પણ હવે એ સંભવ નથી.

## ૬. મારો મિત્ર....હું - આલોક ચટ્ટ

હું સાત વર્ષનો હતો જ્યારે પડોશમાં રહેતા છોકરાઓ સાથે રમતો હોવાનાં કારણે મમ્મીએ મને ઢીબીને રૂમમાં પૂરી દીધેલો. મમ્મી પપ્પાના જક્કી વલણે કયારેય મને મિત્રો બનાવવા દીધાં જ નહીં. રૂમમાં રહી ગયો હું, એકલતા, ગૂંગળામણ અને આંસુઓ....

પણ એમની ઉપરવટ જઈને મેં એક મિત્ર બનાવી જ લીધો. એક દિવસ અરીસા સામે વાત કરતાં મારી 'હું' સાથે દોસ્તી થઈ. દરેક સુખ દુઃખમાં એ મારી સાથે રહેતો. મારાં આંસુઓ કોઈ લૂછતું તો એ જ. ઘરમાં કે બહાર, હું એના સિવાય કોઈ સાથે વાત કરતો નહીં કારણકે મારી લાગણી માત્ર એ જ સમજી શકતો.

ઉંમર સાથે અમારી દોસ્તી પણ ગાઢ થઈ. હું એનાં સલાહ સૂચન લેતો. એની હા કે ના પર આગળ વધતો.
તે ક્યારેક મને અમુક તમુક ઘટનાનો અણસાર આપી દેતો. એક દિવસ એવી જ રીતે અણસાર આપીને તેણે પોતાની દોસ્તી નિભાવી. મમ્મી પપ્પા સાથે કારમાં બહારગામ જવાનું હતું પણ મેં ટાળી દીધું અને....

## ૭. માસૂમ ફી - ધવલ સોની

મંજુ તેના દીકરાને લઈને દવાખાને આવી તો ખરી પણ તેના ચહેરા પર મૂંઝવણ સ્પષ્ટ દેખાઈ રહી હતી. સરકારી દવાખાનાની સારવારથી કશો ફરક ના પડ્યો એટલે આજે એણે ખાનગી દવાખાનાનું પગથિયું ચડવુ પડ્યું. પણ દવાખાનાના દિદાર જોઈને જ તેના પેટમાં ફાળ પડી. તેના ખાલી હાથ વારંવાર સાડીના છેડા વડે કપાળ પરના ટીપાંને લુછી રહ્યાં. તેની કરચલી પડી ગયેલી આંગળીઓમાં આછી ધ્રુજારી તેના દીકરાએ પણ અનુભવી. તાવથી ધગધગી રહેલી અણસમજુ આંખ તેની માના ચહેરા પરની વેદના સમજી રહી હતી. તેનો હાથ અનાયાસે ખિસ્સામાં કઈંક શોધી રહ્યો.

ડૉક્ટર બાળકને ઈંજેક્શન લગાવીને પોતાની બેઠક તરફ જઈ રહ્યા હતા ત્યારે મંજુ ધ્રુજતા હાથે ટેબલ પર પરચૂરણ ગણી રહી હતી. ડોક્ટર સાહેબ મર્માળુ હસી પડ્યા. "બહેન રહેવા દો. તમારી ફી તમારા માસૂમ દીકરાએ આપી દીધી છે. આવી ફી ભાગ્યે જ કોઈએ મને આપી હશે. મને કાયમ યાદ રહેશે." ડૉક્ટર ટેબલ પર ભમરડો મૂકીને ખડખડાટ હસી પડ્યા. તેમની આંખોમાં પેલા બાળક જેવી જ માસૂમિયત ફરી વળી.

# ૮. માથાબોળ - મીનાક્ષી વખારિયા

જોજે એને અડકતી નહીં, માથાબોળ નહાવું પડશે." હિંચકે બેઠેલાં બા બોલ્યાં. રિયા ઝાડુવાળીની છોકરી સોમીને અડવાની જ હતી.

"કેમ નહીં અડવાનું દાદી?"

"એ લોકો હલકી વરણના એટલે નહીં અડકવાનું બસ..."

રિયા, પહેલીવાર બહાર બેઠી...

"એક ખુણામાં બેસી રહેજે... ક્યાંય અડતી નહીં, ખાવાપીવાનું ત્યાં જ મળી રહેશે.

"હું હલકી વરણની થઈ ગઈ, સોમીને અડું?"

# ૯. દેવી - શૈલેષ પરમાર

"પ્રભુ હવે એનું શરીર થાક્યું છે. એ પાંચ વર્ષની હતી ત્યારથી આ સિવાય બીજી કોઈ દુનિયા એણે જોઈ નથી. શું એ સાધારણ જીવનની હકદાર નથી? એની શક્તિઓ પાછી લઈ લે કાન્હા! એને આવી હાલતમાં જોવાની હવે હિમ્મત નથી રહી..." કહેતા હું કૃષ્ણની મૂર્તિ સામે બેસી રડી પડ્યો.

માંડ પોતાની જાત સંભાળીને રાધા પાસે ગયો...
લોકોની નજરમાં દેવી પણ એના માટે એની દિકરીને અશ્રુભીની આંખે જોઈ રહ્યો.
આખો દિવસ દેવીના રૂપમાં પોતાને મઠારીને સાવ નંખાઈ ગયેલી, લોકોની અંધશ્રદ્ધાના ભાર નીચે દબાયેલી એ માંડ આંખ ખોલી શકી અને ફરી પાછી નિંદ્રાધીન બની.
મેં પણ કંઈક નક્કી કરી આંખ મીંચી.

બીજા દિવસે હું માંડ લોકોનો આક્રોશ ઓછો કરી શકયો.
"આપણી મૈયા હવે આ સ્થાન પર બેસવાને લાયક નથી! મેં એ ખુદ એને મધરાતે ગુનાહિત હાલતમાં જોઈ છે. હું એનો બાપ કંઈ ખોટું બોલું?" હું મહામહેનતે લોકોને સમજાવી રહ્યો હતો.

ધીમે ધીમે લોકો ઓસરવા લાગ્યા.

કાલની એમની મૈયા માટે આજે એ જ લોકો ગાળો બોલી રહ્યા હતા.

***

"મને માફ કરજે બેટા પણ તને મુક્ત કરવાનો કોઈ બીજો ઉપાય નહીં સુઝ્યો. તારા મામા તને એ બધુ આપશે જે હું ના આપી શકયો."

એ દરવાજા પાસે ઊભી રહી અને મારી સામે જોયું. અમે છેલ્લી વાર એકબીજાને જોઈ રહ્યાં હતા એ એની આંખોમાં કળાતું હતું. ચમકતી આંખે એણે કહ્યું, "આભાર. બધા માટે આભાર." એકાદ ક્ષણ ખાલીપો વર્તાયો અને મેં મારા પગના અંગુઠા કાર્પેટ પર ટેકવ્યા. "ના..." હિમ્મત એકત્ર કરી હું બોલ્યો,"આભાર..." દરવાજો બંધ થયો અને એ ચાલી ગઈ.

## ૧૦. વિચાર - જીજ્ઞેશ અધ્યારૂ

"વિચારને પણ એક આયુષ્ય હોય છે, તું એને માન નહીં આપે તો એ બીજે ક્યાંક અવતરશે..." ગુરુ અવનીશ શિષ્યોને કહી રહ્યા.

શિખાએ વિચાર્યું, હવે દીક્ષા લઈ જ લેવી જોઈએ, શંકાનો કોઈ છેડો નથી...
મનને વિચાર્યું, આજે શિખાને પૂછી જ લઉં, એ કહે તો આ કંઠીથી છૂટકારો લઈ લઈશ...
અને શરદ વિચારી રહ્યો, આને નવો વિચાર આવે એ પહેલા... આ જ સમય છે, ડોઝ વધારવો પડશે...

અને ત્યારે જ કેટલાક વિચારોનું આયુષ્ય પૂર્ણ થયું.

## ૧૧. પડછાયો - રેખા સોલંકી

રાત્રિના અંધારામાં સુમનને ત્રણ પડછાયા દેખાયા. એક ઉંચો જે બંગલાના કોટ બહાર વિસ્તારતો હતો. બીજો અંદરનાં ગ્રાઉન્ડની દિવાલમાં સમેટાઈને ઉભો હતો. ત્રીજો એનાં પગતળેનાં અજવાળામાં છુપાતો બેઠો હતો. સુમન વિચારવા લાગી,"આમાં મારો સાચો પડછાયો કયો?"

પોતાનું ભાષણ પુરું કરતાં એ બોલી,"સુમન, દરેક સ્વતંત્ર સ્ત્રીનાં બે પડછાયા હોય છે. એક ફૂંકની શોધમાં રાખના ઢગલામાં સંતાયેલા અંગારા જેમ ઢબૂરાઈને પડેલા હોય છે."

તાળીઓના ગડગડાટ સાથે એની તંદ્રા તૂટી. હજારો વિદ્યાર્થીનીઓને સંબોધતી એ કયાંક ખોવાઈ ગઈ હતી. નારી સ્વાતંત્ર્ય પર બોલતાં બોલતાં અચાનક ગળે ડૂમો બાઝી ગયો.
સવાર સવારમાં ઘરમાં થયેલી માનહાનિ યાદ આવી સાથે જ દુઝતા ઘામાંથી લોહી નીંગળવા લાગ્યું. મેકઅપના થપેડાં નીચે ઢંકાયેલી પાંચ આંગળાની છાપ સ્ત્રી સ્વાતંત્ર્ય પર ધગધગતા અંગારા ચંપાયાની યાદ અપાવી ગઈ. ડિવૉર્સના આખરી નિર્ણય સાથે સ્વતંત્રતા પર મહોર લગાવી અને એ સાથે જ બંગલાની બહાર વિસ્તરેલાં કદાવર પડછાયાએ પગતળે દટાયેલાં ટબૂકડાં પડછાયાને હરાવી દીધો.

## ૧૨. પરમ આત્મા - સુષમા શેઠ

બા બોલાવવા ગઈ ત્યારે ઓરડામાં મધુર સુવાસ પ્રસરેલી અનુભવી. ગૌતમ ક્યાંય નહતો. બળતા દીવા આગળ મૂકેલો પત્ર વાંચતા બાનાં હાથ ધ્રુજ્યાં,"જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ ચાહું છું...."

બાએ સવારે તેના જન્મદિન નિમિત્તે બનાવેલ લાડુ પીરસતાં આગ્રહ કર્યો ત્યારે આડો હાથ ધરી બોલેલો,"પેટના ખાડામાં પર્યાપ્ત ઈંધણ પૂર્યું, અંતે મળ થવાનું."

બાની સમક્ષ ભૂતકાળ તરવર્યો. ભણવામાં અત્યંત તેજસ્વી ગૌતમ બે બે ધોરણ કુદાવી જતો. તે સતત વાંચ્યા, લખ્યા કરતો. યુવાવયે પરણી જવાનો આગ્રહ કરતી બાને કહેતો, "શરીર હાડ-માંસ, મળ-મૂત્ર, રક્ત- મજ્જાનું ચર્મ મઢેલ સંગ્રહસ્થાન છે, તેમાં આસક્ત શાને થવું?"

પિતાશ્રીના દેહાંત સમયે સૌ રડયા, પરંતુ તેણે અલિપ્ત રહી કહેલું,"પર પદાર્થને, 'મારું' માનવું તે અજ્ઞાન. તે જ દુ:ખનું કારણ."

બા તેને સમજવા, સમજાવવા મથતી ત્યારે કહેતો,"મારી જિંદગીનો એક દિવસ જીવી જો.... મજા આવશે. રૂપિયા કાગળ છે, કંચન ધાતુ છે તેમ, દરેક જીવમાં જાણનાર, અનુભવનાર આત્મા વિવિધ કાયા ધારણ કરે છે."

બે ચમકતી, તેજસ્વી આંખો પ્રત્યક્ષ નીરખતી હતપ્રભ બાના હાથમાંથી પત્ર પડી ગયો.

## ૧૩. પરફેક્ટ ડેટ - લીના વછરાજાની

રોજની જેમ 'ડેટ વિથ જેની' માટે મુકેલી એલાર્મની રીંગ વાગી અને માલ્કમ રોમાંચ સાથે જાગી ગયો.

આજ જેનીનું મનપસંદ પરફ્યુમ લગાડીશ એવું વિચારતાં શાવર લઈ, પરફેક્ટ તૈયાર થઈ, સરસ હેરજેલથી વાળ ઓળીને માલ્કમ ફરી રજાઈમાં આંખ બંધ કરીને જેનીની રાહ જોતો પડી રહ્યો.

જેની આવી. એ જ જન્નતની સુગંધ. મખમલી અવાજમાં વાતો કરતી જેનીની પીઠ પર માલ્કમનો હાથ ફરતો રહ્યો. અચાનક જેનીથી પીડા થતી હોય એવી રાડ પડાઈ ગઈ.

"શું થયું?"

"કાંઈ નહીં ડીઅર."

માલ્કમને જવાબથી સંતોષ ન થતાં જેનીની પીઠ પોતા તરફ ફેરવી અને એ પોતે પણ વેદનાથી ખળભળી ગયો.
"જેની આ?"

"હા, એ નિશાન છે."

"પણ શેનાં? અને શું કામ જેની?"

"મૃત્યુશૈયા પર તેં વચન માંગેલું કે હું રોજ તને સપનામાં મળવા આવીશ તે એ ડ્રીમ ડેટ સાચવવા થોડી શરત માનવી પડે છે. જન્નતના કેટલાક કાયદા છે. અહીં આવવા માટે પાંચ હંટરની સજા હોય. બસ, એટલું જ તો છે."

"જેની..."
માલ્કમ એ ડેટ પછી રોજની જેમ ખીલી ન શક્યો.

આજ ત્રણ રાતથી માલ્કમના સિગ્નલ કેમ નથી આવતાં? જેની બેચેનીથી રાહ જોતી રહી હતી. હા, પીઠ પર પડેલા ઘા પર રુઝ આવતાં સારું લાગતું હતું.

માલ્કમ મોં પર પાણી છાંટી છાંટીને ઉંઘ ઉડાડવાના પ્રયાસમાં મગ્ન હતો.
રાતે હું સુઈ જઉં અને ડ્રીમ ડેટનું સપનું જોઉં તો જેનીને હંટર ખાવાં પડે એટલે જાગરણ જ...

# ટૂંકીવાર્તા, લઘુકથા અને માઈક્રોફિક્શન - અજય ઓઝા



મૂળે તો આ બધા પ્રકારો પાડવાની જરૂરિયાત જ હોતી નથી, કેમ કે કોઈ પણ કૃતિ એ માણવાની બાબત છે. પરંતુ જ્યારે તુલનાત્મક અભ્યાસ કરવાનો હોય ત્યારે કાલ્પનિક પ્રકાર હોય તો કૃતિના જુદા જુદા પાસાઓનો અભ્યાસ કરવો સુગમ રહે.

આમાં જરા નવો પ્રકાર છે એ માઈક્રોફિક્શન. સમજો કે સાહિત્યમાં પૂરપાટ વેગે પ્રવેશી રહેલી આ એક પ્રકારની નેનો ટેકનોલોજી જ હું તો કહીશ. ચોખાના દાણા પર અક્ષરો પાડવાનું આ કામ.

ફિક્શનના મને ગમતા પ્રકારોમાં નવલિકા, લઘુકથા અને માઈક્રોફિક્શન કથા, જેની મારે અહીં સાધારણ વાત કરવાની છે. નવલિકા એટલે કે ટૂંકીવાર્તાનો આ પ્રકાર અન્ય બન્ને પ્રકારોની સરખામણીએ જરા લાંબો કહેવાય. મને ખ્યાલ છે કે મર્યાદા બાંધી ન શકાય, પણ મોટાભાગે વાર્તાઓ પંદરસોથી પીસ્તાલીસસો સુધીના શબ્દોની વાંચવામાં આવતી હોય છે. પણ એવું હંમેશા જરૂરી હોતું નથી. લઘુકથા વળી દોઢસોથી પાંચસો શબ્દોમાં પૂરી થતી હોય છે. માઈક્રોફિક્શન તો બેથી બાર લાઈનોમાં આપણને ઘણું બધું કહી જતી હોય છે. ફરી દોહરાવું કે અહીં પણ કોઈ મર્યાદા શું બાંધવી?

આપણા સાહિત્યમાં પ્રમાણમાં નવો કહી શકાય એવો પ્રકાર છે આ માઈક્રોફિક્શન. જો કે, કૃતિનો સબ્જેક્ટ, રજૂઆત વગેરે બાબતો નક્કી કરે છે કે કૃતિ લઘુકથા બની શકે કે માઈક્રોફિક્શન કે પછી નવલિકા! નવલિકામાં જરા સ્પેસ મળે છે. પાત્રની વાત કે વર્ણનને કેટલોક અવકાશ પ્રાપ્ત થાય છે. ઘટનાનું ચિત્રણ અને તેના પ્રત્યાઘાતોનું આલેખન થઈ શકે. વાર્તાને ઉપકારક હોય એવું કોઈ પણ લંબાણ ચલાવી શકાય છે. વાચકના ભરોસે છોડી ન શકાતી ચોખવટો અહીં લેખક કરી શક્તો હોય છે. એટલે નવલિકા એ પ્રમાણમાં લખવો સહેલો તેમજ માણવો પણ સહેલો પડે એવો લોકપ્રિય પ્રકાર સમજી શકાય.

લઘુકથામાં ચોટનું મહત્વ (ફરજિયાત નહિ હોં) વધુ સમજવામાં આવ્યું છે. એક પાનામાં કૃતિએ પોતાની વાત માંડવાની પણ અને પૂરી પણ કરવાની. બિનજરૂરી એક પણ વાક્ય કે શબ્દને અહીં અવકાશ નથી હોતો. સામે પક્ષે લઘુકથામાં નાનકડી ઘટના કે સંવેદનાનો એક તંતુ કાફી હોય છે. એક જ તાર ઝણઝણાવવાથી કામ પાર પડી શકે એવા સિદ્ધહસ્ત લઘુકથાકારો આપણને મળ્યા પણ છે. ફળિયામાં ઘોડું દોડાવવાનું આ કામ અહીંથી લેખકને અને ભાવકને સમજવા મળે છે.

પ્રકાર કોઈ પણ હોય, વાચક-ભાવકનું મહત્વ સૌથી વધુ હોય છે. વાચકો વધુ એમ સાહિત્ય બળવત્તર અને સાહિત્યકારોનું મનોબળ વધુ મજબૂત બને. ભાવકોની સંખ્યામાં વધારો કરી શકે એવો આ 'નેનો' સાહિત્ય પ્રકાર માઈક્રોફિક્શન સ્ટોરી છે. અહીં ઓસરીમાં હાથી દોડાવવાની ચેલેન્જ મળે છે.

ચાર લીટીની આ ચેલેન્જમાં બહુ લપસણી જગ્યાઓ પણ આવતી હોય છે. માઈક્રોફિક્શન કોઈ ચીલાચાલુ સુવિચાર કે ચીપ જોક બની ન જાય એની પરવા કરવાની રહેતી હોય છે. સદનસીબે આપણે ત્યાં આવી પરવા કરનારાઓ અનેક લેખકો છે, જેને પરિણામે માઈક્રોફિક્શનને એક આદર્શ ઘાટ મળી રહે છે અને સજ્જ લેખકો માઈક્રોફિક્શન લખતા રહેશે અને ઊંચાઈ પર લઈ જશે એ વાતે આશા રાખી શકાય એવો હકારાત્મક માહોલ આપણે જોઈએ છીએ.

ઓછા સમયમાં વધુ લોકો સુધી પહોંચી જતી હોવાને કારણે માઈક્રોફિક્શન સ્ટોરીનો આ પ્રકાર હાલના સમયમાં ખાસ્સો એવો લોકપ્રિય થઈ રહ્યો છે. સોશિયલ મીડિયામાં ટૂંકા કદને કારણે પણ તેનું મહત્વ અને આકર્ષણ વધ્યું છે. લોકો માઈક્રોફિક્શન વાંચતા થયા છે. શબ્દોના અર્થની સૂક્ષ્મતાને પીછાણતા થયા છે. એમ કહેવું જરા પણ અતિશયોક્તિભર્યું નહિ ગણાય કે માઇક્રોફિક્શને ભાવકો વધાર્યા છે એટલું જ નહિ પણ ભાવકોને વધુ સજ્જ પણ કર્યા છે. કેમ કે આ પ્રકારની સ્ટોરી સમજવા માટે એક સ્તરની સમજણ હોવી, સજ્જતા હોવી અનિવાર્ય ગણાય છે-એવી વણલખી પૂર્વશરત પણ છે જ!

આખરે તો જો સાહિત્ય વિકસતું હોય તો પ્રકારોની જફામાં શું પડવું? લઘુકથા, નવલિકા, માઈક્રોફિક્શન, નવલકથા, ગીત-ગઝલ કે કોઈ પણ પ્રકાર હોય હું માનું છું કે આ બધા પ્રકારો એકબીજા સાથે કોઈ જાતની હરીફાઈમાં તો નથી જ! મારું અંગત માનવું તો એ છે કે કૃતિનું સફળ કે નિષ્ફળ હોવું એ તો કૃતિની સિંગલ ઇફેક્ટને કારણે જ બનતી એક સાપેક્ષ અને અસ્થાયી (!) પ્રતિક્રિયા છે. – આઈ રીપીટ કે કૃતિની અસરકારકતા નક્કી કરતી બાબત તેમાં રહેલી 'સિંગલ ઇફેક્ટ' જ હોય છે અને એ પણ સાપેક્ષ અને અસ્થાયી હોઈ શકે છે! કોઈ પણ પ્રકારની રચના હોય, તેની અંદર રહેલી એકમેવ અસર જ તેનું ભવિષ્ય નક્કી કરતી હોય છે. એટલે સાહિત્યમાં દરેક પ્રકારનું પોતપોતાનું અસ્તિત્વ છે અને રહેશે. એ વિચાર સાથે આજના યુગમાં ફરી આકાર લઈ રહેલ સાહિત્યની નૅનો ટેકનોલોજી સમાન માઈક્રોફિક્શનનું સ્વાગત કરવાનું મને ગમશે.

જોકે મેં હજુ માઈક્રોફિક્શન લખી નથી પણ વાંચી છે જ. હવે 'સર્જન' સામયિકને જાણ્યા પીછાણ્યા બાદ એના પ્રત્યેનું આકર્ષણ વધ્યું છે. મને માઇક્રોફિશન લખવાનું ચોક્કસ ગમશે. અક્ષરનાદે પહેલાં જે સ્પર્ધાઓ યોજી છે એ ખૂબ સરાહનીય છે. હા સ્પર્ધાથી લખવાનું બળ મળે જ.... વધુ ને વધુ લોકો સુધી પહોંચી શકાય. રસ લેતા કરી શકાય, લખતા કરી શકાય. આ પ્રકારને હજુ સુધી સર્વસ્વિકૃત થતાં વાર લાગવાને કારણે કદાચ ઓછો ખેડાયો હોઈ શકે પણ 'સર્જન'ના પ્રયાસોથી એક નવો ઈતિહાસ આલેખવાના મંડાણ થઈ ચૂક્યા છે.

~ અજય ઓઝા (મો- ૦૯૮૨૫૨ ૫૨૮૧૧)

૫૮, મીરાપાર્ક, 'આસ્થા', અખિલેશ સર્કલ,

ઘોઘા રોડ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

# મેન બુકર ઈન્ટરનેશનલ વિજેતા લિડીયા ડેવીસ સાથે મુલાકાત - જીજ્ઞેશ અધ્યારૂ

અંગ્રેજી ભાષાના લોકપ્રિય વાર્તાકાર, અનુવાદક અને લેખિકા શ્રી લિડીયા ડેવીસને જીજ્ઞેશ અધ્યારૂએ માઈક્રોફિક્શન અને વાર્તાસ્વરૂપ વિશે પ્રશ્નો પૂછ્યા અને શ્રી ડેવિસે એના સચોટ ઉત્તરો આપ્યાં. આ આખો વાર્તાલાપ અંગ્રેજીમાં થયો હતો, તે એમ જ આપ સૌ માટે પ્રસ્તુત છે..

*Quick Fire Flash Q&A with Lydia Davis, an American writer noted for literary works of extreme brevity (commonly called "flash fiction") by Jignesh Adhyaru. Davis is also a short story writer, novelist, essayist, and translator from French and other languages, and has produced several new translations of French literary classics, including Swann's Way by Marcel Proust and Madame Bovary by Gustave Flaubert. We are very thankful to Lydia for sparing time from her busy schedule for this interview with Sarjan. Thanks also to her publisher Farrar, Straus and Giroux for the pictures.*



**Davis, Lydia © Theo Cote [author photo]**

**JA: What, in your view, is the basic difference between full length story and flash fiction?**

LD: In the longer story, the reader forgets her surroundings and begins to "live" the narrative taking place in the story. In the shorter story, the reader remains present in his own life, and continues his awareness of his own surroundings, and perhaps reacts in a more active way to what he is reading. That is one difference, anyway.

**JA: Should there be any particular structured form work for a flash fiction? if yes, what should it be?**

LD: I would never impose limitations or structural rules on any piece of writing: I think the form and the length should be very much in a sensitive response to the material of which the story is composed and the emotion of the writer as he/she writes it.

**JA: Our critics blame that micro fiction stories are relatively difficult to understand for many people, do u feel it is so? Why?**

LD: I think there is a huge variety of kinds of very short stories. Most are, I find, quite easy to understand, at least on the surface. If some are difficult, that is either a problem of mismatching--the reader is not the right one for this story--or a necessary part of the way the story is written. Many very

good and important poems are difficult to understand. That is not a defect in the poems, but may be a challenge to the reader, requiring patience.

**JA: How does your work of translation affects your fiction writing?**

LD: It broadens my understanding of other cultures and thus enriches my mind and heart; and it makes me far more deeply informed about the resources of my own language. I recommend it to all writers.

**JA: Drabble, very short fiction, twitterature, short fiction....Do you feel the need for more categories in Stories itself for their individual identity as a story type?**

LD: I don't mind if people have fun inventing more categories and names for categories, for different varieties of short short fiction. (I had not heard the word "twitterature" before--it is clever!) But I don't think a writer should necessarily feel confined by any one category of short fiction--he or she should feel free to write in any style, any category.

**JA: in your fiction, from where you get plots or story? How do u conceive your creation?**




LD: I take many notes, all the time, of things that interest me, whether the behavior of people around me or what I am reading. Sometimes I see a pattern or an odd moment that inspires me to put it in writing. Sometimes when I begin writing, one idea will lead to another and I will allow the story to take its own direction. For instance, yesterday I started writing about whether an ant could be a sort of companion, and ended the story talking about how one might daydream that an acquaintance will leave them money or property.

**JA: What is your advice to budding short fiction writers? What are the prerequisites?**

LD: There are many possible important pieces of advice. It is very important to read the best writers, and read a great deal. You can't be a good writer yourself without that. You must get the best prose or poetry in your head. Secondly, you must be patient and work hard at what you write, and be willing to keep correcting it to make it better. Third, you must write from an emotional attachment to the material--you must write about what is important to you.

**JA: Who are short fiction writers in English that you recommend to our writers? Whose style appealed you most?**

LD: I was very influenced by Grace Paley, and then later by Jane Bowles. But there are many others. The stories of Flannery O'Connor are very well done, as are those of Katherine Mansfield. But a Swiss writer I have recently been reading is Regina Ullmann and I admire her very much.

Another Swiss writer, whom I've been translating, is Peter Bichsel, who writes about his everyday life, very philosophically. They are wonderful.

**JA: Critics generally don't accept micro fiction as a story type, how can we say that it's a story?**

LD: One must stretch the definition of "story" to accommodate the smallest of the inventive, narrative, philosophical prose forms. I sometimes justify calling my work stories by saying that if they have the least little bit of narrative in them, even narrative that may exist only in the reader's mind, then I can call them stories.

**JA: Out of your own short fiction, which are your own favorite?**

LD: I have many favorites, from many of the books. Some of my favorites are the ones that involve insects. Or the longer one about the cows across the road. I like the ones that pose philosophical problems, such as an early one, "Once a Very Stupid Man". Thank you for your interest!







Varieties of Disturbance: Stories

**Thanks Caroline zavakos, Publicity assistant at Farrar, Straus and Giroux, NY for the pictures*

## ૧૪. હાશકારો - કિરણ પિયુષ શાહ

ઘર તેમ જ હોસ્પિટલ વચ્ચે તેની જિંદગી યંત્રવત બની ગઈ હતી. સવારથી રાત સુધીની હોસ્પિટલની ડયુટી તેના જીવનનો ભાગ જ જાણે. રોજ જતાં આવતાં કૂતરાને દૂધ બિસ્કીટ આપવા... વરસોથી આ તેનો નિયમ.

એમાંય પતિના એકસીડન્ટ પછી તેની જિંદગી વોર્ડ પુરતી સીમિત બની ગઈ. હા, તેના પતિ છેલ્લા પાંચ વર્ષથી કોમામાં હતા... ધીરે ધીરે ઘરના આશા છોડી દૂર થઈ ગયા...

આજેય નિયમ મુજબ દૂધ બિસ્કીટ આપવા જતી હતી ત્યાં તેને જોઈ હોસ્પિટલની બહાર ઊભેલું કૂતરું જોરથી રડ્યું. એ સાંભળી તેને હાશકારો થયો. ધીમી ચાલ તેજ બની. એ વોર્ડમાં જવા ભાગી!

## ૧૫. છુટકારો - જાહ્નવી અંતાણી

“તબિયત સારી નથી?” સવિતાને ધીમેથી પોતું મારતાં જોઈ શેઠાણીએ પૂછ્યું.

“આખું શરીર તૂટે છે.” નીચી નજરે સવિતાએ જવાબ આપ્યો.

“છુટકારો મેળવી લે એનાથી.” શેઠાણીથી બોલી પડાયું.

"અસ્ત્રીનો અવતાર સીએ બુન. સહન કયરે જ છૂટકો... છેટે થવાના પાંસ દા'ડા મારે મન ભગવાનના આશીર્વાદ સમ સે. મારે મન એ જ છુટકારો.”

શેઠાણી મનોમન એમના ઘરની આધુનિકતાને કોસી રહ્યા.

## ૧૬. ત્રેવડ – હિરલ કોટડીયા

"ઋષિ ક્યાં?"

"તું સ્કૂલે લેવા ગઈ હતી!"

"ના, તમે નથી ગયા?"

જવાબ આપવામાં સમય બગડ્યા વિના કે ડ્રાઇવરની રાહ જોયા વિના હું કાર લઈને નીકળી ગયો. "હું તો બિઝનેસ પાર્ટીમાં વ્યસ્ત હતો પણ રીતુને તો યાદ રહેવું જોઈએ ને..." શહેરના અજનબી ટ્રાફિકને જોઈને હું બબડ્યો.

"ડેડ..." ઋષિ મને વળગી પડ્યો... "હવે તમે ઓલા ભિખારી અંકલને એમ નહિ કહેતા કે ત્રેવડ ના હોય તો જણતા શું કામ હશો!"

## ૧૭. લાચારી – જલ્પા જૈન

કનુડાની વાત પર આજે ભરોસો બેઠો.

દમનો દર્દી, ખાટલેથી માંડ પાટલે પહોંચે એટલી એની દુનિયા. તે દિવસે દવાખાને જતાં, નજરે જોયું અને સૂર્યો અવાક બની ગયો. "આ જીવલી કોની હારે? આવી લાચારી? બાપડીને મારા લીધે!"

કાળી મજુરી કરવા છતાં, પૈસાના દુકાળે જીવલીને આ રસ્તે ચડાવી. સાંજના બે ચાર કલાકના આ ધંધાએ એનું ગાડું રોળવ્યું. પછી તો બની-ઠનીને નીકળવું હવે રોજનું બની ગયું.

"નજીકના બંગલે ઘર સાચવવા માટે બાઈ રાખવાની છે તે તારું નામ આપ્યું છે..." રાત્રે બેય માણા વાળું કરતાં હતાં ત્યારે સૂર્યાએ વાત માંડી.

"ચામડા ચુંથવા મટ્યા!" જીવલીને શાંતિ થઈ.

"કોણ રહે છે ત્યાં?" જીવલીએ પુછ્યું.

"વીઠ્ઠલ શેઠ..." જવાબ સાંભળતા જ જીવલી ખીલો થઈ ગઈ.

હવે બે ચાર કલાકનું એ બનવું ઠનવું, આખા દિવસે કબ્જે કરી લઈ લીધું.

## ૧૮. કોમ્પ્રોમાઇઝ - નિમિષ વોરા

"માત્ર ટેલેન્ટથી કશું નહીં થાય... કોમ્પ્રોમાઈઝ કરશે?" લોલુપ નજર બોલી રહી.

"જી, ટોચ પર પહોંચવા કાંઈ પણ..."

"ઠીક છે... બાજુના રૂમમાં જા, આવું છું..."
ફૂલ્લી એસી રૂમ વચ્ચે વિશાળ હ્રદય આકાર ધરાવતું ડબલબેડ. તે ડબલબેડ પર બેઠી... ત્યાં જ દરવાજાના મિજાગરાનો અવાજ આવતાં એના શરીરમાંથી એક ઝણઝણાટી પસાર થઈ. બધું ઈશ્વર પર મૂકી એણે આંખો મીંચી દીધી અને જાતને સમર્પિત કરી.

માત્ર બે જ વર્ષોમાં તેનું નામ 'ટોચ' પર આવી ગયું અને એટલું જ નહીં બીજા પાંચ વર્ષે તે ખુદ ફિમેલ ડીરેક્ટર થઈ ગઈ!
આજે તેની પહેલી ફિલ્મ માટેનું ઓડિશન હતું. સહુથી બેસ્ટ લાગેલા મોડેલને પોતાની પ્રાઇવેટ કેબિનમાં બોલાવી પૂછ્યું, "માત્ર ટેલેન્ટથી કશું નહીં થાય... કોમ્પ્રોમાઈઝ કરશે?"

## ૧૯. સભ્યતા – સરલા સુતરિયા

ગામને પાદર છાણા વીણતી સંતોકે પોતાના સૂંડલામાં જોયું તો હજી દસેક છાણાં થાય એટલું જ છાણ એકઠું થ્યું'તું. માએ તાકીદ કરી હતી કે,"આજ આખો સૂંડલો ભરી લાવજે. બે દિવસ પછી મહેમાન આવવાના છે. છાણાં વધુ જોશે."

ત્રણેક દિવસથી પાદરમાં છાણ રે'તું જ નો'તું. કોણ જાણે વહેલાં આવીને કોણ બધું છાણ લઈ જતું હશે એ વિચારે એ આજ જરા દુ:ખી લાગતી હતી. ત્યાં એની આંખ ચમકી ઊઠી. જરા દુર એક મોટો પોદળો દેખાયો. કોઈ લઈ લે એ પહેલાં હું લઈ લઉં એ વિચારે દોડતી એ ત્યાં પહોંચી અને એકદમ અચકાઈને ઊભી રહી ગઇ. પોદળામાં કોઈએ મોટો કાંકરો ખોસેલો હતો.

આજુબાજુ જોયું કોઈ નહોતું. કૈંક વિચારીને એની આંખોમાં ચમક આવી પણ...

## ૨૦. ગૌ - શીતલ ગઢવી

"બુચ્ચ...બુચ્ચ... એક ધક્કો મેલ... પસી તું સુટ્ટી..."

"મા... એ મા... કુને કેસે...?" અમીએ ઓરડામાંથી ફળિયામાં બેઠેલી એની મા જમનાને બૂમ પાડી.

"ઈ તો... ગંગાડી વહુકી સે... દરદ ઓસુ કરવા પુસકારું સુ... હમણાં તારી હારે રમવા વાસરું આલશે."

"તે હે મા... ઈ પા'ણો દેહે કે..." અમીની દાદી વચમાં બોલી.

"મૂંગી મર કજાત.. ગૌ પાણો ન જણે. ભગવાને હાથે પગે લુલી રાખી ને જીભડી પર કાતર મેલવાનું ભૂલી જ્યો..."

અમી ખાટલામાંથી ગાયને જોવા જતાં નીચે પડી ગઈ અને રડવા લાગી. દાદીએ ઉપરથી એક લાત આપી. અમી માટે આ મહેણાં રોજનાં થઈ ગયા હતા.

"અમી... ધોળું ધપાક... વાસરું આયું... એનો વાન તારી જ્યમ સમકે સે..."

"મા... ઈ ઉભું તો થૈ હકસેને...!"

"હા બેટા... આ જો ઉભું સે..."

"અમારા આખા કટમ્બમાં દીકરા સે, તારી માએ જ પાણો જણ્યો, ખબર ને મારા દીકરાનો સે કે પસી...!" દાદી બોલી.

જમના એક કાને સાંભળી બીજા કાને કાઢી નાખતી. એ જાણતી હતી કે સાસુને સમજાવવા એટલે ભેંસ આગળ ભાગવત. એણે વાછરડાને ગાયના આંચળે સરખું ઉભું રાખ્યું. એ પણ પોતે પોતાની દીકરી પાસે ગઈ. આ કચકચથી કંટાળી જમનાનો વર કે દુનો ઘર છોડીને જતો રહ્યો હતો.

"જમના બેન... તમારા પતિના સમાચાર... આ કાગળ..." જમના ખુશ થઈ ગઈ.

"અમી હેંડ... ઝટ તૈયાર થા... તારા બાપુએ તેડાવ્યા સે..."

આજે એ વાતને વર્ષો વીત્યા હતા. અમીનું ક્યાંય નામોનિશાન જડ્યું નહિ અને જમના એક વણ ઉકેલાયો કોયડો!

## ૨૧. તૂઈ - નીવારોઝીન રાજકુમાર

"ભાભી, આ દુપટ્ટાની ધાર જરાક ફાટી ગઈ છે. તૂઈ મૂકી આપો ને."

સંચાનું નાનું પૈડું અવશપણે મોટા પૈડાને અનુસર્યું. પણ એ અટકવાની ક્રિયા દરમિયાન દોરાએ છટકી લીધું અને સોઈએ બટકી લીધું. "ઓહ", એક સીસકારા સાથે લીલાએ આંગળી મોંઢામાં નાખી દીધી.

સવારે આવેલા એક ફોને લીલાનાં ચિત્તતંત્ર પર અનેક સોઈઓ ઘોંચી દીધી હતી.

"લગન અને તારી હાર્યે? અજાણ્યા જણ હારે હુઈ જાય એનો ભરોહો કેમનો થાય?"

જૂના ઝખમની જેમ એક ઉદાસ સંભારણું ઉપસી આવ્યું. રમેશનાં લગ્ન!

નદી પાછળની ભેખડો, અંગઅંગ પર ફરી વળતા એ મજબુત હાથ, એ આસમાની આંખો અને એ ઉન્માદ! એ નશો બીજા દિવસનાં ત્રીજા પહોર પર રોજેરોજ હાવી થઈ જતો. ખાલી થવા બદલ છલકાઈ જવાતું.

અચાનક લીલાનું વિધુર સાથે લગ્ન, નમાયા નરેશની મા બની પરગામ જવાનો નિર્ણય ઘરનાં તો ઠીક આખા ગામને માટે નવતર હતો.

ઘોડિયામાં થતી હલચલ જોઈ લીલા બોલી ઉઠી,"દીવુબેન, હાંજ્યે લઈ જાજો. મને તૂઈ મેકવાની હારી ફાવટ સે."

## ૨૨. વેર - અનુજ સોલંકી

"અરે બાપ રે! પછી શું થયું પપ્પા?"

"પછી તો જે દિશામાં ગયો ત્યાં મોટા મોટા અવરોધો સામે ભટકાતા રહ્યા, પણ મેં હિંમત ન હારી; દોડધામ ચાલું જ રાખી ને અચાનક...."

"અચાનક શું પપ્પા?" દીકરો અધ્ધર શ્વાસે બોલી ઊઠયો.

"અચાનક... મારી ચારે બાજુ અંધારું ફેલાઈ ગયું ને એક ચીપિયા જેવા હથિયારે મને પકડી હવામાં ઊંચો કર્યો. પણ ત્યાં એકદમ કોઈ ગર્જના થઈ અને ચીપિયાએ મને હવામાં જ ફંગોળી નીચે નાખ્યો..." મંકોડાએ તેનો એક તૂટેલો પગ બતાવ્યો. "જો, આ એનું જ પરિણામ છે બેટા. માનવની બે ઘડીની રમતમાં મારી આ હાલત થઈ..." ને દીકરાએ બાપનું વેર વાળવા પોતાનાં આગળના ચીપિયા જેવા ડંખનો ટંકાર કર્યો.

## ૨૩. નવી સવાર -ઝીલ ગઢવી

હું આજે પથારીમાંથી ઉઠતાવેંત ખુશ હતો.

"અરે વાહ... આજે તો કૈંક અલગ જ મૂડ... મારા નામની બૂમો પણ નહિ..." પત્નીએ મારો બદલાવ પકડ્યો.

"ભાગ્યવાન... આગળ હજુ વધુ ખુશીઓ આવવાની છે."

મેં મારું નિયમિત કાર્ય પતાવ્યું. ઓફીસે વિદાય આપવા એ ઘરના ઓટલા સુધી આવી.

"આ શું... બધા ઘર એક સરખા!" એ અવાચક થઈ જોતી રહી.

* * *

"ટીંગ... ટોંગ..."

જેવું બારણું ખુલ્યું કે ત્યાં પણ અજાયબી. અમારા ઘર જેવી જ વસ્તુઓ! પાડોશીબેને સ્મિત સાથે આવકારી.
"હું એ પૂછવા આવી હતી કે તમારા ઘરે ટીવી કે રેડિયો પર પ્રોગ્રામ આવી રહ્યા છે?" એમણે જવાબમાં ના ભણી. આખો દિવસ વિચારતી બેસી રહી.

* * *

"અરે... તમે આવ્યા... કંઈ સમજાતું નથી... ના પંખીઓનો કલરવ કે પછી કોઈપણ અવાજ..."

મેં એને રાતનાં સપનામાં પ્રભુ પાસે માંગેલ વરદાનની વાત કરી.

"આવું તો મંગાતું હશે...? આજે રાતના પ્રભુને કહેજો પહેલાં જેવું કરી આપે... નહીંતર કાયમી અબોલા!"

ઘડિયાળમાં દસ વાગી ગયા હતા. સૂરજ આથમવાનું નામ નહોતો લેતો.

હું આકાશમાં જોઈ બોલ્યો,"હવે રાત પણ નહિ પડે."

## ૨૪. શહીદ - રાજુલ ભાનુશાલી

એ મુઠ્ઠીઓ વાળીને દોડ્યો પણ જાજરૂ સુધી પહોંચે એ પહેલા જ એનું પેટ છૂટી ગયું.

"સીમમાં જ પડ્યા રે'તા હો તો... જ્યાં આવે બેહી પડવાનું," પુત્રવધુ તિરસ્કૃત સ્વરે બોલી.

યુદ્ધકૈદી તરીકે દર બીજે દિવસે મીઠુંમરચું ભભરાવેલો બામ્બુ ગુદામાં દાખલ કરવામાં આવતો ત્યારે નહોતી થઈ એટલી પીડા એને આ શબ્દોથી થઈ.

કાશ પોતે શહીદ...

## ૨૫. સરનામું - રીતુ મહેતા

કંકુબાએ ઝાંપો ખોલ્યો. શેરીના નાકે ઉભેલું કુતરું જોરથી રડતું હતું. પોસ્ટમેન એને ધક્કો મારી કંકુબા પાસે આવી બોલ્યો, "લો બા મનીઑર્ડરના પાંચસો રૂપિયા. વડોદરાથી કાગળ આવ્યો છે તમારા દીકરાએ બોલાવ્યા છે. સરનામું...." વાક્ય અધુરું રહી ગયું. ખુશીમાં કંકુબાને આગળના શબ્દો કાને ન પડ્યાં.

બીજા દિવસે કંકુબાએ વડોદરાની ટ્રેન પકડી. પહોંચીને રીક્ષાવાળાને કાગળ આપ્યો. "જલ્દી ચાલ ભાઈ મારો દીકરો વાટ જુએ છે."

થોડીકવારમાં રીક્ષા ઉભી રહી. "માજી આવી ગયું તમારું 'વૃદ્ધાશ્રમ'...."

# ૨૬. ગલી ક્રિકેટ - વિભાવન મહેતા

પોળની વચ્ચોવચ્ચ આવેલા નાના ચોકઠામાં ક્રિકેટ રમતાં કિશોરે બેટ વીંઝ્યું અને 'જોરદાર શોટની બૂમો વચ્ચે, ત્યાંથી પસાર થતા જીતુભાઈના લમણામાં બોલ વાગ્યો અને એ તમ્મર ખાઈને નીચે પડી ગયા.

રમત અધવચાળે અટકી ગઈ, આજુબાજુના રહીશો ભેગા થઈ ગયા અને જીતુભાઈને ઉંચકી વચલી શેરીમાં એમના ઘરે લાવી પરસાળમાં સુવાડ્યા.

જીતુભાઈના કપાળે ખાસ્સું મોટું ઢીમડું ઉપસી આવ્યું હતું. કોઈએ ફ્રીજમાંથી બરફ કાઢી લગાડ્યો તો કોઈ મલમ લઈ આવ્યું. થોડીવારે એમને સ્હેજ આરામ જેવું લાગતા સૌ વિખરાયા.

બળતી બપોરે શેરી સ્હેજ શાંત થઈ ત્યાં સાંકળ ખખડી, જીતુભાઈ બારણે ઉભેલી વિમળાને જોતાં જ રહી ગયા. તેમની આંખો હર્ષથી પહોળી થઈ ગઈ. વિમળાના ચહેરા પર ભારોભાર સાંત્વના હતી.

"બહુ વાગ્યુ તો નથીને? હવે કેમ છે? ખાસ્સુ મોટું ઢીમડું થયું છે ને?" વિમળા એકી શ્વાસે બોલી ગઈ.

અચાનક સણકો ઉપડતાં જીતુભાઈથી ઉંહકારો નંખાઈ ગયો. વિમળા દોડતીકને ફ્રીજમાંથી બરફ લઈ આવી અને જીતુભાઈના કપાળે ઘસવા લાગી.

પીગળતા બરફના રેલા ભેગા થોડા આંસુ પણ હતા તે વિમળાની નજરથી છાનું ન રહ્યું.

બીજે દિવસે જોગાનુજોગ જીતુભાઈ ફરી ચોકઠામાંથી નીકળ્યા ત્યારે કિશોરની જ બેટીંગ ચાલતી હતી. તેઓ બેટ લઈને ઉભેલા કિશોર તરફ આગળ વધ્યા. સૌ એના ધીબેડાઈ જવાની રાહ જોતા ઉભા રહ્યા. કિશોરની નજીક પહોંચી જીતુભાઈએ તેને ઉંચકી લીધો અને તેના કપાળને બચીઓથી ભરી દીધું.

Sarjan on social media

/ sarjangujarati.microfiction

/ sarjan_mfc

/ sarjangujarati

99744 10868

## 'સર્જન' સભ્યો દ્વારા અનુવાદિત માઈક્રોફિક્શન વાર્તાઓ

'સર્જન' પરિવારના સભ્યો દ્વારા અંગ્રેજી ભાષાની કેટલીક માઈક્રોફિક્શન વાર્તાઓના કરેલા ભાવાનુવાદ.
(મૂળ અંગ્રેજી વાર્તાની લિંક પણ સાથે આપી છે.)

### ૧. Bad Genie - Art Lasky (https://101words.org/bad-genie/)

*બિચારો જીન*

જોગીંગ કરતાં કરતાં દરિયામાંથી તણાઈને કિનારે ખડકાયેલા ઢગલામાં મારી આંખો કાયમ ખજાનો શોધતી રહેતી.

એમાંથી ગઈકાલે લીલ બાઝેલો જર્જરીત ફારસી ચિરાગ જડી આવ્યો. એને ઘસતાં ધુમાડાના ગોટેગોટા ઉડાડતો ભયાનક જીન પ્રગટ થયો. પણ એ ઈચ્છાઓ પૂરી કરવાના મૂડમાં હોય એવું લાગતું ન હતું.

“તારા જેવા જ કોઈએ મને ત્રણેક હજાર વરસથી આ શાપિત ચિરાગમાં પરાણે ગોંધી રાખ્યો હતો. મને વહેલો મુક્ત ના કર્યો એટલે હવે હું સમગ્ર માનવજાતને સજા કરીશ.” એ ગરજ્યો ને પછી તરત જ એ ઊંચે ઉડયો, આકાશમાં ઉડી રહેલા ૭૪૭ વિમાનના એંજિને જાણે એને ચૂસી લીધો.

ત્યારબાદ ન તો એ દેખાયો, ન એના વિશે કંઈ સંભળાયું. લાગે છે આપણે સુરક્ષિત છીએ.

ભાવાનુવાદ- સંજય ગુંદલાવકર

### ૨. Sound Escapes - Jack Spies ( https://101words.org/sound-escapes/)

*મૂંગીમંતર અવાજ*

એપાર્ટમેન્ટના ઉપલા માળેથી જોખમકારક નહીં પણ જોરજોરથી ઘાટા ગૂંજી રહ્યા હતાં.

એક કલાકનો મારો મનપસંદ શો 'છેલછબીલો ડેની' જોવા માટે મેં ટીવી ચાલુ કર્યું. વિનોદી ડેની અને તેની લુચ્ચી પણ સજ્જડ રમૂજો મને બહુ ગમે છે.

હજી અડધો શો પત્યો હશે, ત્યાં તો ઉપલા માળેથી આવતો ઘોંઘાટિયો અવાજ માથામાં ધમધમવા લાગ્યો. મેં મારો વોલ્યુમ વધાર્યો છતાં ડેનીનો અવાજ સરખી રીતે સંભળાતો ન હતો. એમ્પ્લીફાયર ફુલ કર્યું તો પણ...

ધણધણાટી એટલી અસહ્ય થઈ ગઈ કે સાંભળવા માટે ટીવીના સ્પીકર પાસે કાન ગોઠવવા પડ્યા.

આખરે ઉપલા માળે જવાનું નક્કી કર્યું. હિયરિંગ એડ કાઢીને દરવાજો ખોલ્યો. બહાર કદાવર, ઉશ્કેરાયેલો એક માણસ બૅટ લઈને ઉભો હતો.

ભાવાનુવાદ- સંજય ગુંદલાવકર

## ૩. Return Requested - Peter Ramadanovic (www.flashfictionmagazine.com)

***વળતર***

રી.ઓર્ડર ૫૧૬૦૯૯

સૌથી પહેલાં, મેં સોની બ્લુ રે પ્લેયર, જે બુધવાર, ૦૨/૦૪/૨૦૧૫ ના રોજ મેં તમારી પાસેથી ઓનલાઇન ખરીદ્યું હતું, તે પરત કરવાની વિનંતી કરી હતી. એ વસ્તુ હું એટલે પરત કરવા માંગતો હતો, કારણ કે તે ચાલુ નહોતી થઈ રહી. પણ નજીકથી નિરિક્ષણ કર્યા બાદ જયારે મારા છ વર્ષના પૌત્રએ કયું બટન દબાવવું તે મને બતાવ્યું તો જાણવા મળ્યું કે વસ્તુ ખરેખર ચાલુ સ્થિતિમાં જ હતી, માત્ર હું જ તેને બરાબર ચલાવી નહોતો શક્યો. તેથી હું મૂળ વિનંતી રદ કરવા ઈચ્છીશ અને અન્ય માંગણી કરીશ.

જો સિત્તેર વર્ષનો વૃદ્ધ સમાઈ શકે એવું ખોખું મને મોકલો અને એનો ઉપયોગ કેમ કરવો એ સમજાવી શકો તો હું તમારો આભારી થઈશ.

ભાવાનુવાદ - મીરા જોશી

## ૪. The Book - DeRicki Johnson ( www.flashfictionmagazine.com )

***પુસ્તક***

'અવમુલ્યાંકિત - ૫ રૂપિયા' તે ફાટેલી અને જર્જરિત ચોપડીનું ટૅગ વાંચવા તેના હોઠ ફફડયા.

એક હિંસક શાર્ક માછલી જેટલી ત્વરાથી તેણે વિચાર્યું! પણ આ વજનદાર થોથામાં કંઈક એવું હતું જે તેને લલચાવી રહ્યું હતું.

"હું આના બે દોકડાં આપીશ."

ત્યારે જ એ ચોપડીના પુઠાનો ક્યારેય ન થયેલ ફફડાટ થયો અને અંદરથી થોડાં વળેલાં એવાં અસ્તવ્યસ્ત પાનાં ડોકાયાં.

ડરામણા એવા એ વૃદ્ધ કારકુને પોતાનાં નાક પર ટેકવેલા અને પડું પડું થઈ રહેલા ચશ્માની નીચેથી એ સુઘરા બાળક સામે જોયું.

એ ચોપડીનું હવે બહુ આયુષ્ય નથી એ ખ્યાલ આવતો હતો.

"કોઈ કિંમત નથી, તારી પસંદ કરેલી આ ચોપડી માટે!"

ઘરે પાછા ફરતી વખતે એ પોતાની લાગણીઓ સમજી શકતો નહોતો. જાણે એ ચોપડીએ તેને વાંચવાનું શરૂ કરી દીધું હતું!

ભાવાનુવાદ - જીજ્ઞેશ કાનાબાર



Sarjan Group after Microsarjan Book Launch

# સર્જન મેળાવડો અને પુસ્તક વિમોચન અહેવાલ

દૂર દૂર લગી ઝળહળે શગ સર્જન...
શબ્દ થઈ રોશન, રોશન કરે મુજ અર્થ સર્જન...




વર્ષ ૨૦૧૬, ૬ મે ના રોજ માઈક્રોફિક્શનને ગુજરાતી સાહિત્યમાં મજબુત સ્થાન આપવા માટે સર્જન વોટ્સ એપ ગ્રુપનો પાયો નંખાયો, અને શરૂ થઈ માઈક્રોફિક્સનની સર્જન યાત્રા... અક્ષરનાદ અને સર્જન સામયિક થકી માઈક્રોફિક્સનને ઓળખ મળ્યા બાદ માઈક્રોફિક્સન વાર્તા પ્રકારનો વ્યાપ વધતો ગયો અને સતત એક વર્ષના નવોદિત લેખકોના શબ્દ સંઘર્ષ, સર્જનના રચયિતા શ્રી જીજ્ઞેશ અધ્યારુ, માઈક્રોફિક્શનના પ્રણેતા એવા શ્રી ડો. હાર્દિક નિકુંજ યાજ્ઞિક, જાણીતા લેખિકા શ્રી નીલમ દોશી તેમજ શ્રી રાજુલ ભાનુશાલીના માર્ગદર્શન, અને એડમીન સભ્યોના નિઃસ્વાર્થ સમપર્ણથી મંજાયેલ, ઘડાયેલ સર્જનકારોની મહેનતના પરિણામ સ્વરૂપ સર્જનના પ્રથમ પુસ્તકની ઘોષણા કરવામાં આવી. જેના અદ્વિતીય વિમોચન પ્રસંગના અહેવાલરૂપી શબ્દો કાગળ પર ઉતારું છું, ત્યારે હૃદય પ્રસન્નતાથી છલકાય છે.

આંગળીના વેઢે ગણાય એટલા સભ્યોથી શરૂ થયેલ આ ગ્રુપ આજે સિત્તેર જેટલા સભ્યોનું પરિવાર બની ગયું છે. આ પુસ્તક ઘડતર તેમજ વિમોચન પ્રસંગમાં શ્રી જીજ્ઞેશ અધ્યારૂ, ડો.હાર્દિક નિકુંજ યાજ્ઞિક, નીલમ દોશી, પરીક્ષિત જોશી, સંજય ગુંદલાવકર, મિતલ પટેલ, રાજુલ ભાનુશાલી, ધવલ સોની, યામિનીબેન પટેલ અને સોનિયા ઠક્કરનો સિંહ ફાળો રહ્યો હતો. સર્જનના પ્રથમ પુસ્તકના સ્વપ્નને સાકાર કરવા માટે દરેક સભ્યો હૃદયના ઉમળકાથી સર્જનરત રહી સહભાગી બન્યા હતાં. જેનું સુંદર ફળ એટલે ‘માઈક્રોસર્જન’. અમારા પ્રથમ પુસ્તક- ‘માઈક્રોસર્જન’નું વિમોચન સર્જનની પ્રથમ જન્મતિથીએ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

યોગાનુયોગ અમદાવાદમાં ચાલી રહેલા પુસ્તક મેળામાં અમારા પુસ્તકને લોક સમક્ષ મૂકવાનો નિર્ણય કરાયો. ૬ મે સર્જનની જન્મતિથીના આગલા દિવસે એટલે કે ૫ મે ૨૦૧૭ ના રોજ યુનિવર્સીટી કન્વેન્શન હોલ, તારક મહેતા હોલ, બૂક ફેર-અમદાવાદ મુકામે મહીપતરામ રૂપરામ અનાથઆશ્રમની બાળાઓના વરદ હસ્તે, શ્રી દોલત



ભટ્ટ અને શ્રી રાઘવજી માધડના આશીર્વચનથી પુસ્તક વિમોચન કરવાનું નક્કી કરવામાં આવ્યું. સાથે એ જ દિવસે સર્જન પરિવારના મેળાવડાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સાહિત્ય પરિષદ, ગોવર્ધનરામ ત્રિપાઠી હોલ - અમદાવાદ મુકામે સવારે ૧૧.૩૦ વાગ્યાથી સહુ સર્જન સભ્યો મેળાવડામાં જોડાતા ગયા. ચાલુ દિવસે, માત્ર સર્જન સંમેલનમાં હાજર થવા માટે મિત્રો વડોદરા, અમદાવાદ, ગાંધીનગર, મુંબઈ, સુરત, નવસારી, ભુજ-કચ્છ, જેવા અલગ અલગ શહેરોમાંથી બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. આ સંમેલનમાં જીજ્ઞેશ અધ્યારૂ, પ્રતિભા અધ્યારૂ, ડો.હાર્દિક નિકુંજ યાજ્ઞિક, સંજય ગુંદલાવકર, મિતલ પટેલ, સોનિયા ઠક્કર, પરીક્ષિત જોશી, ધર્મેશ ગાંધી, સંજય થોરાટ, ધવલ સોની, એંજલ ધોળકિયા, જલ્પા જૈન, દિવ્યેશ સોડવડીયા, યામિનીબેન પટેલ, લીના વછરાજાની, શીતલ ગઢવી, પાર્મી દેસાઈ, જાહ્નવી અંતાણી, શિલ્પા સોની, લતા સોની કનુગા, પૂર્વી બાબરીયા, સ્વાતિ શાહ, રેખા સોલંકી, મીરા જોશી, જીજ્ઞેશ કાનાબર, હાર્દિક પંડ્યા, આલોક ચટ્ટ, શૈલેશ પરમાર, અનુજ સોલંકી, કાંતિભાઈ, મણીલાલ વણકર તેમજ વિરલ દેસાઈ ઉત્સાહથી શામેલ થયાં હતાં. સર્જનના પ્રથમ પુસ્તક વિમોચન પ્રસંગની હૃદયમાં અનન્ય ખુશી હોવા છતાં, અનિર્વાય કારણોસર પ્રસંગમાં હાજરી ના આપી શકનાર મિત્રો નીલમ દોશી, રાજુલ ભાનુશાલી, મિનાક્ષીબેન વખારિયા, નિમિષ વોરા, નિલય પંડયા, ગોપાલ ખેતાણી, શૈલેષ પંડયા, સુષ્મા શેઠ, સરલા સુતરીયા, કુસુમ પટેલ, અનુસુયા દેસાઈ, કુંજલ પ્રદીપ છાયા, સ્વાતિ પટેલ, આરઝુ ભૂરાણી, ભારતીબેન ગોહીલ, જીજ્ઞેશ વાઘેલા, નીવારોઝીન રાજકુમાર, મહાકાન્તભાઈ જોશી, વિપ્લવ ધંધુકિયા, જેવા સર્જનરત મિત્રો હૃદયમાં પોતાના શબ્દસર્જનથી હાજર હતાં જ...!

સ્વાગત શબ્દોથી જીજ્ઞેશ અધ્યારૂએ કાર્યક્રમનો આરંભ કર્યો તેમજ સર્જન પરિવારને આટલો વિસ્તૃત કરી, પોતાના સ્વપ્નને પૂર્ણ કરવામાં સહભાગી બનવા માટે સર્વે હાજર તેમજ ગેરહાજર સર્જનકરોનો ભીની આંખે હૃદયથી આભાર માન્યો. ત્યારબાદ, ડો. હાર્દિક નિકુંજ યાજ્ઞિકે અક્ષરનાદ થકી માઈક્રોફિક્શનનું મંડાણ, સ્પર્ધાઓ થકી માઈક્રોફિક્શનનું લોક જીભે ચઢવું, અને સર્જન ગ્રુપની શરૂઆત વિશે જાણકારી આપી. માઈક્રોફિક્શનમાં જેમણે લાંબી મજલ કાપી છે, એવા શ્રી હાર્દિકભાઈએ સર્વેને પોતાની હાજરીથી આનંદિત કરી દીધા હતાં. ત્યારબાદ ઉપસ્થિત સૌ સભ્યોના પરિચય તેમજ તેમના માઈક્રોફિક્શન વિશેના વિચારો જાણવા માટે દરેક સભ્યોને મંચ પર ઉપસ્થિત કરવામાં આવ્યાં. માઈક્રોફિક્શન તેમને શા માટે સ્પર્શે છે, પોતાના જીવનમાં સર્જનનો ફાળો, તેમજ સર્જન થકી મળેલી ઓળખનો હર્ષ દરેક હાજર મિત્રોએ પોતાના કૃતજ્ઞતાસભર શબ્દોથી વહાવ્યો. સર્જન ગ્રુપના સર્વ પ્રથમ સભ્ય અને શિસ્તના અત્યંત આગ્રહી શ્રી સંજય ગુંદલાવકરે કહ્યું કે તેમને સર્જનમાં જોડવાનો ગર્વ છે. આ પરિચય વિધિથી સર્જન સભ્યોના જીવનનો મહત્વનો ભાગ ઉજાગર થયો. દ્રઢ નિશ્ચય અને અથાગ મહેનતથી તમે કેટલીયે જિંદગીઓને બદલી શકો છો, એ જીજ્ઞેશ અધ્યારૂની 'સર્જન'ની પહેલથી પ્રત્યક્ષ થયું છે. ગાંધીનગર

સમાચારમાં કાર્યરત અને સર્જનકરો માટે હંમેશ ભેટ પ્રસાદી લાવનાર શ્રી સંજય થોરાટે દરેક હાજર મિત્રોને મીઠાઈ વહેંચી તેમજ ગુજરાત દીપોત્સવી અંક-૨૦૧૬ પુસ્તકની ભેટ આપી. બપોરે ૧.૩૫ કલાકે ભોજનની સાથે સર્જન જન્મદિનની ઉજવણીરૂપી કેકનો આનંદ માણ્યો. સર્જનના મુંબઈ મેળાવડા વખતે સંજય ગુંદલાવકરનો જન્મદિન હતો, પણ તેઓ મોં મીઠું કરાવી શક્યા નહોતા. જેથી સભ્યોની મીઠી પજવણીના અંતે તેમણે પણ દરેકને સ્વાદિષ્ટ કેક ખવડાવી પોતાના ઉદાર હૃદયનો પરિચય આપ્યો હતો. ઉપરાંત સર્જનના યુવા સભ્ય દિવ્યેશ સોડવડીયાના સગપણ નિમિત્તની મીઠાઈ અને આલોક ચટ્ટના શહેરના પ્રખ્યાત ચેવડાનો પણ સહુએ સ્વાદ માણ્યો. સર્જનના અનુપસ્થિત સભ્યોને સાથે રાખવાના હેતુસહ આ ઉજવણીની ક્ષણોને કેમેરામાં કંડારી લેવામાં આવી.




ત્યારબાદ ફરી પરિચયનો દોર ચાલ્યો, માઈક્રોફિક્શનની સમજનો વિસ્તાર થયો. ત્યારબાદ, અમદાવાદના મિત્રો પરીક્ષિત જોશી, શીતલ ગઢવી, લીના વછરાજાની, સ્વાતિ શાહ, લતા સોની કનુગા, પાર્મી દેસાઈ અને જીજ્ઞેશ અધ્યારૂએ મળી ડો. હાર્દિક નિકુંજ યાજ્ઞિકનું ભેટ આપી સમ્માન કર્યું. ત્યારબાદ હાર્દિકભાઈએ માઈક્રોફિક્શન વિષે ઊંડાણમાં સમજ આપી. તેમણે કહ્યું કે, ઓછામાં ઓછા શબ્દોમાં જે વાર્તા લખાય તેને હું માઈક્રોફિક્શન માનું છું. વાર્તાનું છૂપું તત્વ જ તેને માઈક્રોફિક્શન બનાવે છે. ઓછા શબ્દોમાં વાર્તા કહેવી એ લેખકની કળા છે. વધુમાં તેમણે કહ્યું કે જે સમજાવવી પડે તે વાર્તા નથી. માઈક્રોફિક્શન લખવા માટે અછાંદસ વાંચવું, પ્રોમ્પ્ટ કે ચિત્ર પરથી લખવાની ટેવ ના પાડવી જેવા સૂચનો તેમણે કર્યા. ત્યારબાદ તેમના માર્ગદર્શન હેઠળ સભ્યોને કવિતાની પંક્તિ દ્વારા માઈક્રોફિક્શન લખવાની કસરત કરાવવામાં આવી.

‘મનની વાત દૂર રહી દેશમાં સંભળાય,
સાથે રહી એકમેકના મન ના કળાય.’

આ પંક્તિઓ પર માત્ર પાંચ મિનિટના સમયમાં સર્જન સભ્યોએ માઈક્રોફિક્શન લખવાનો પ્રયત્ન કર્યો હતો, જેના પર હાર્દિકભાઈએ જરૂરી સૂચનો કર્યા. વાર્તામાં શું ખૂટે છે, શબ્દો ક્યાં વધુ વપરાયા છે, સંવાદનો ઉપયોગ અને 'વાઉ' ફેક્ટર કઈ રીતે લાવવું, વાર્તા કળા, લખવાની સૂજ, માઈક્રોફિક્શનનું હાર્દ જેવા વાર્તાના બંધારણીય તત્વો વિશે તેમણે ખુબ ઉપયોગી માર્ગદર્શન આપ્યુ હતું. દરેકની વાર્તા પર સહુએ તંદુરસ્ત ચર્ચા કરી. આશરે દોઢેક કલાકની એક્ટીવીટી બાદ સર્જન પુસ્તક વિમોચન માટે નીકળવાનો સમય થતાં સૌ તૈયાર થયાં. આ સમગ્ર મેળાવડામાં થયેલ ખર્ચાને ઉપસ્થિત સભ્યો વચ્ચે સ્થળ પર જ સરખે ભાગે વહેંચી લેવામાં આવ્યો હતો.

હાર્દિકભાઈ યાજ્ઞિક, સંજય થોરાટ, હાર્દિક પંડ્યાએ તેમના ફોરવ્હીલરમાં સહુ સભ્યોને સ્થાન આપી સલામત રીતે તારક મહેતા હોલ, અમદાવાદ બૂક ફેર મુકામે પહોંચાડ્યા. સર્જન પ્રથમ પુસ્તક વિમોચનનું અભિન્ન અંગ હતું- મહિપતરામ રૂપરામ આશ્રમની દસથી પંદર વર્ષની બાળાઓ… જેમના વરદ હસ્તે વિમોચન કરવાના ઉમદા હેતુસર તેમને ખાસ આ પ્રસંગે આમંત્રિત કરવામાં આવી હતી.

હાર્દિકભાઈ યાજ્ઞિકે વિમોચન પ્રસંગનું પોતાની ભાવવાહી શૈલીમાં સંચાલન કર્યું હતું. અતિથિવિશેષ તરીકે મુર્ધન્ય સાહિત્યકાર શ્રી દોલતભાઈ ભટ્ટ અને લોકપ્રિય વાર્તાકાર શ્રી રાઘવજી માધડે પોતાની ઉપસ્થિતિ અને આશીર્વચનોથી સૌને નવપલ્લવિત કર્યા. આદરણીય શ્રી રજનીકુમાર પંડ્યાએ પોતાની અમુલ્ય હાજરી આપી પ્રસંગને દિપાવ્યું હતું. શ્રી દોલતભાઈ ભટ્ટ અને શ્રી રાઘવજી માધડના આશીર્વાદથી તેમજ આશ્રમની બાળાઓના વરદ હસ્તે સર્જનના પ્રથમ પુસ્તક 'માઈક્રોસર્જન'ને હર્ષોલ્લાસથી ખુલ્લું મૂકવામાં આવ્યું. અહીં ચાલી રહેલા વિમોચન પ્રસંગે હાજરી ના આપી શકનાર આદરણીય કૃષ્ણકાંતભાઈ ઉનડકટે બૂકફેરમાં ચાલી રહેલા અન્ય સ્થળે માઈક્રોફિક્શનના નવા સ્વરૂપને પુસ્તક રૂપે તરતું મૂકવા માટે શુભકામના આપતાં, જીજ્ઞેશભાઈનો ઉલ્લેખ કરી ખુશી દર્શાવી હતી. ત્યારબાદ શ્રી દોલતભાઈ ભટ્ટ અને રાઘવજીભાઈ માધડે સર્જનના પુસ્તકરૂપી પગલાને શબ્દોથી શુભકામના આપી હતી, તેમજ શ્રી રાઘવજીભાઈએ વાર્તાપ્રકાર વિશે ઉપયોગી સુંદર વક્તવ્ય આપ્યું હતું. તાળીઓની વર્ષાથી તેમના વક્તવ્યને વધાવી લેવામાં આવ્યુ હતું. આશ્રમની બહેનોને સર્જનની બહેનોના હસ્તે સર્જન તરફથી સુંદર સંભારણું આપવામાં આવ્યું હતું.

જીજ્ઞેશ અધ્યારૂએ પુસ્તક વિમોચન પ્રસંગે જણાવ્યું હતું કે નામના મેળવવાના આશયથી તેમણે આ પહેલ નથી કરી. ગુજરાતી સાહિત્યમાં માઈક્રોફિક્શનને મજબૂત સ્થાન આપવાનો જ અમારો ઉદ્દેશ છે. આ રીતે જ સહુ સર્જનરત રહેશે તો સર્જનની પુસ્તક શ્રેણી આગળ ધપતી રહેશે. જે સાંભળ્યા બાદ શ્રી ઉમાશંકર જોશીના શબ્દો યાદ આવે છે,'મારું કામ? મારું નામ? નામ મારું ભાષામાં ઓગળી ગયું છે…' જીજ્ઞેશભાઈનો પણ એ જ ઉદ્દેશ છે કે તેમને સર્જનની કેડી દ્વારા માઇક્રોફિક્સનનો રાજપથ રચવો છે. તેમના શબ્દોને શ્રોતાગણે તાળીઓથી વધાવી લીધા હતાં. સાથે જ પ્રસંગમાં હાર્દિકભાઈ યાજ્ઞિકે તેમની સ્વલિખિત માઈક્રોફિક્શનને પોતાની સુંદર શૈલીમાં વહાવી હતી. જેને સાંભળ્યા બાદ સમગ્ર શ્રોતાગણ 'વાહ' પોકારી ઉઠ્યું હતું. અંતે અતિથિશ્રીઓને શ્રી જીજ્ઞેશ અધ્યારૂ અને શ્રી પ્રતિભા અધ્યારૂએ પુસ્તક ભેટ આપી આભાર અને ધન્યતા વ્યક્ત કરી હતી.




(Book launch by Hon. Guests with girls from Mahipatram Rupram Ashram, Ahmedabad)

પ્રથમ પુસ્તક વિમોચન નિમિત્તે અનિર્વાય કારણોસર હાજરી ન આપી શકનાર મિત્રોનો રંજ સર્જન પરિવારને છેક સુધી રહ્યો હતો. છતાં સર્જન સભ્યો વિભાવન મહેતા, ઝીલ ગઢવી વિમોચન પ્રસંગની ખુશીમાં સામેલ થયાં હતાં. સર્જનના પુસ્તક વિમોચન પ્રસંગે આખો તારક મહેતા હોલ લોકોની હાજરીથી ભરાઈ ગયો હતો, જે પ્રસંગની સફળતા હતી. વિમોચન દિનની આ સમગ્ર અવિસ્મરણીય ક્ષણોને કેમેરામાં કંડારી હંમેશા માટે સાચવી લેવામાં આવી. આશરે ૭.૧૫ એ પ્રસંગની પૂર્ણાહુતિ કરવામાં આવી ત્યારે સૌ સર્જન મિત્રોનું હૃદય કૃતજ્ઞતા અને ઉત્સાહથી સભર હતું. વિના વિઘ્ને આ વિમોચન પ્રસંગને પાર પાડવા માટે દરેક સર્જનકર મિત્રોનો સહકાર રહ્યો હતો.

સર્જનના પ્રથમ માઈક્રોફિક્શન પુસ્તક ‘માઈક્રોસર્જન’ના વિમોચન પ્રસંગની ગાંધીનગર અને અમદાવાદના વિવિધ સમાચારપત્રોએ નોંધ લીધી હતી. આ જ રીતે સર્જનરત રહીએ, મા સરસ્વતીની કૃપાથી પ્રગતિના શિખરે પહોંચીએ અને સર્જન શ્રેણીથી માઈક્રોફિક્શનનો વિસ્તાર કરીએ તેવી શુભકામના સહ સર્જનના બીજા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે શુભેચ્છા...!




(Sanjay Gundlavkar, Jignesh Adhyaru, Sh. Rajnikumar Pandya, Sh. Dolatbhai Bhatt, Sh. Raghavji Maghad, Mital Patel and Soniya Thakkar)

જય સર્જન!

('સર્જન' ગ્રૂપ વતી મીરા જોશી.)

# મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તરફથી શુભેચ્છા સંદેશ.



સત્યમેવ જયતે

**વિજય રૂપાણી**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

apro/Jg/2017/05/18/Dt-Rgk

તા. ૧૮-૦૫-૨૦૧૭

સ્નેહી શ્રી જિજ્ઞેશભાઈ,

સપ્રેમ નમસ્કાર,

આપનો અંગ્રેજી ભાષામાં પત્ર તથા 'માઇક્રોસર્જન'ની એક પ્રત પ્રાપ્ત થઇ છે. ધન્યવાદ.

સર્જન સ્વયંભુ પ્રગટ થતાં ઝરણા જેવું હોય, જે આમ તો વહ્યાં કરે, પરંતુ તેનો નાદ સાંભળનારને આનંદસભર કરી દે. સવાલ છે કે અંદરની સર્જનાત્મકતાને કયા સ્વરૂપે પ્રવાહિત કરવી મને તો એવું સમજાયું છે કે સર્જક, સ્વરૂપ પસંદ નથી કરતો, પરંતુ સ્વરૂપ પોતે સર્જકને પસંદ કરતું હોય છે. સર્જક અને તેની સર્જનાત્મકતાના સ્વરૂપનું સાયુજ્ય બીજમાંથી ફૂટતા અંકુર જેટલું સહજ હોય, ત્યારે સર્જન શ્રેષ્ઠતા ધારણ કરે જ કરે.

માનવીય ભાવો, સંવેદનાને અભિવ્યક્ત કરવા વોટ્સઅપ જેવા નવતર આધુનિક માધ્યમનો સદઉપયોગ થતો જોઇ ખરેખર આનંદ થાય છે. 'સર્જન' વોટ્સઅપ ગ્રુપમાંથી ગળાઇ, ચળાઇને નીપજેલી 'માઇક્રોફિક્શન' લાઘવપૂર્ણ રીતે માનવ ચેતનાની વિરાટતાને પ્રગટ કરી રહી છે. મને ખાતરી છે કે 'સર્જન' કેટલાયે સર્જકો માટે શ્રેષ્ઠતાની સીડી બનશે, અને ગુજરાતી સાહિત્યને રળિયાત બનાવશે. ગ્રુપના તમામ એડમિન તથા સર્જક મિત્રોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

આપનો,

(વિજય રૂપાણી)

To,
**Shree Jigneshbhai Adhyaru,**
Aum, A-46, Srinagar Society,
B/h, Khodiyar Nagar, New VIP Road
Vadodara 390 022
E-mail : adhyaru19@gmail.com

